જૈન-દર્શન પરિચય શ્રેણી-૩:૩

# શ્રી વીરચંદ રાઘવજી ગાંધી

પન્નાલાલ ર. શાહ

શ્રી જયભિખ્ખુ
સાહિત્ય
ટ્રસ્ટ
પ્રકાશન

શ્રી. યુ. એન. મહેતા અને શ્રીમતી શારદાબહેન યુ. મહેતા
જૈનદર્શન-પરિચયશ્રેણી

શ્રેણી ૩ : પુસ્તક ૩

# શ્રી વીરચંદ ગાંધી

લેખક
પન્નાલાલ ર. શાહ

શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ
૧૩/બી, ચંદ્રનગર સોસાયટી
જયભિખ્ખુ માર્ગ, પાલડી
અમદાવાદ – ૩૮૦ ૦૦૭

પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી ૧૯૮૮

સર્વ હક્ક લેખકના

પુસ્તકની કિંમત : ૫ રૂ., ચાર પુસ્તકના સેટની કિંમત : ૩૦ રૂ.

□

પ્રકાશક : શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ – ૩૮૦ ૦૦૭

□

મુદ્રક : મનસુખલાલ બી. સોની, દિલુ પ્રિન્ટરી
૨૬, સત્યમ્ સોસાયટી, રંગીલા ગેટની પાછળ, શાહપુર
અમદાવાદ – ૩૮૦ ૦૦૧

□

મુખ્ય વિક્રેતા : આદર્શ પ્રકાશન, જુમ્મા મસ્જિદ સામે, ગાંધી રોડ
અમદાવાદ – ૩૮૦ ૦૦૧

# શ્રી વીરચંદ રાઘવજી ગાંધી

સ્મરણ એ જીવન છે, તો વિસ્મરણ એ મરણ.

સ્મરણની પાંખે ઊડીને માનવી મધુર સ્મૃતિને મમળાવે છે, વાગોળે છે. પ્રેરક જીવન જીવી જનાર મહાપુરુષ અને પૂર્વકાલીન યશોજ્જવળ સંસ્કાર-વારસાની સ્મરણયાત્રા કદાચ લાંબી નીવડે પણ એ ભવિષ્યની કેડી કંડારનારી બને છે, ક્યારેક જીવનનો નકશો બદલનારી નીવડે છે.

કાળના સ્મૃતિ-ગર્ભમાંથી આજે અહીં એવા એક પ્રેરક જીવનની વાત કરવી છે અને તે છે સ્વનામધન્ય વીરચંદ ગાંધી. ઈ. સ. ૧૮૯૩માં ચિકાગો(અમેરિકા)માં વિશ્વધર્મ પરિષદ મળેલી. એમાં એમણે જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કરેલું. ભારતમાંથી અલ્હાબાદના પ્રા. જ્ઞાનેન્દ્રનાથ ચક્રવર્તી, પૂનાનાં મીસ સોરાબજી, બ્રહ્મોસમાજના શ્રી નગરકર, બૌદ્ધ ધર્મના સિલોનથી સી. ધર્મપાલ અને હિન્દુ ધર્મના પ્રતિનિધિ તરીકે સ્વામી વિવેકાનંદ આ પરિષદમાં હાજર રહ્યા હતા.

### સદી પહેલાંનો સમાજ અને જૈન ધર્મ

ઈ. સ. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામથી દેશભરમાં જાગૃતિની લહેર ફેલાઈ હતી. જૂનીપુરાણી સંકુચિતતા અને

રૂઢિના ત્યાગમાં સમાજ પોતાના અસ્તિત્વની સ્થિરતા જોતો જાય એવા દિવસો બહુ દૂર ન હતા. એવા પરિવર્તનને આત્મસાત્ કરે અને સમાજને દોરવણી આપે એવા મહાનુભાવો હજુ પારણામાં ઝૂલી રહ્યા હતા, કે હજુ અવતરવાના હતા. રાજકીય ક્ષેત્રે આવી રહેલાં પરિવર્તનની સમાજ, નીતિ, વ્યાપાર, કાયદો, ધર્મ વગેરે દરેક ક્ષેત્રમાં અસર થઈ રહી હતી. દેશોન્નતિ, સમાજોન્નતિ અને ધર્મોન્નતિ માટે દેશભરના લોકો એકતાનો મંત્ર સાધી રહ્યા હતા. એક બાજુ સ્વામી દયાનંદ સરસ્વતીએ હિન્દુ ધર્મને બેઠો કર્યો તો બીજી બાજુ સ્વામી રામકૃષ્ણ પરમહંસ હિંદુ ધર્મને ઉજાળી રહ્યા હતા. તો સ્વામી વિવેકાનંદ (ઈ. સ. ૧૮૬૨–૧૯૦૨)ના અવતરણની ઘડીઓ ગણાતી હતી.

એક વસ્તુનું અનેક દૃષ્ટિકોણથી અવલોકન કરવાની દૃષ્ટિ આપનાર જૈન ધર્મના અનુયાયીઓ સંકુચિતતાના જ્વરથી પીડાતા હતા. એ ધર્મના આધારરૂપ ચતુર્વિધ સંઘ ગચ્છના ભેદમાં રચ્યોપચ્યો રહેતો. આવા વાતાવરણમાં સમાજની નાડ પારખીને જૈન ધર્મની ઉન્નતિ માટે શું કરવું જોઈએ, ધર્મના પ્રસાર અને પ્રચાર માટે કેવાં પગલાં ભરવાં જોઈએ એ માટે મહાન વિચારકનાં સ્વપ્નો સાકાર થવાનો સમય હજુ પરિપક્વ થયો ન હતો.

એક બાજુ જૈન ધર્મ આંતરિક વિખવાદનો ભોગ બન્યો હતો તો બીજી બાજુ દેશની અધોગતિ જૈન ધર્મને આભારી છે એવું પ્રસંગ આવ્યે લખવાનું કે બોલવાનું

કેટલાક લોકો ચૂકતા નહીં. જૈન ધર્મને એનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે, એની વિચારસરણી સ્વતંત્ર છે એ મત હજુ સ્વીકૃત ન હતો. જૈન ધર્મ એ બૌદ્ધ ધર્મની એક શાખા છે એમ મનાતું. આ વિધાન ન્યાયયુક્ત નથી એ સમજાવવા ઐતિહાસિક સંશોધન આવશ્યક હતું. પાશ્ચાત્ય કેળવણી લીધેલ કેટલાક શિક્ષિતો – Religious is humbug – ધર્મ એ ધતિંગ છે એમ માનતા. આવી સ્થિતિની એક પ્રક્રિયા થઈ અને સમાજમાં એક સુધારક વર્ગ ઊભો થયો. તેઓ સમાજ અને ધર્મની ક્ષતિઓ સામે આકરા પ્રહાર કરવા લાગ્યા. આમ જૈન ધર્મે – આંતરિક અને બાહ્ય – એમ બંને પરિબળોનો સામનો કરવાનો હતો.

## વીરભૂમિમાં જન્મ

સૌરાષ્ટ્રની દક્ષિણે ગોહિલવાડ પંથકના ભાવનગર શહેરથી આશરે ૧૦૦ કિલોમીટર પર મહુવા આવેલું છે. આ શહેર પ્રાચીન અને ઐતિહાસિક છે. જાવડશા – ભાવડશાની હૈયાની કંકાવટીમાં આ ભૂમિનો રંગ ઘોળાયેલો. એમણે વિ. સં. ૧૦૮માં તીર્થાધિરાજ શત્રુંજયનો તેરમો ઉદ્ધાર કરાવેલો. 'દશકુમાર ચરિત'ના છઠ્ઠા ઉચ્છ્વાસમાં મિત્રગુપ્તે નિમ્બવતીની કથા કરેલી. એમાં આ શહેરનું **મધુમતી** નામ મળે છે. કાન્હડદે પ્રબંધ, ૧–૭૨માં પણ ઉના અને દાઠા સાથે મહુવાનો ઉલ્લેખ મળે છે. મહારાજા કુમારપાળના સમકાલીન જગડુશા આ ભૂમિના સંતાન હતા. એમણે શત્રુંજય તીર્થની માળા પ્રસંગે મહારાજા કુમારપાળની સામે

ઉછામણીમાં તીર્થ-માળનો આદેશ લીધેલો. કુમારપાળ પ્રબંધમાં એની વાત મળે છે. હિન્દુ ભજનોના રચયિતા મુસ્લિમ સંત વલી આ ભૂમિના પનોતા પુત્ર હતા એવી અનુશ્રુતિ છે. સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રાગજી ભગત, ગુજરાતી સાહિત્યમાં 'મસ્તકવિ'ના ઉપનામથી જાણીતા શ્રી ત્રિભુવન પ્રેમશંકર, સમર્થ વિવેચક શ્રી જીવણરામ લક્ષ્મીરામ દવે 'જટિલ'નો ઉછેર અહીં થયો છે. અનેક તીર્થોના ઉદ્ધારક શાસન સમ્રાટ આચાર્યશ્રી વિજયનેમીસૂરીશ્વરજી મહારાજ (ઈ. સ. ૧૮૭૨–૧૯૪૯), શાસ્ત્રવિશારદ સુપ્રસિદ્ધ જનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ (૧૮૬૭–૧૯૨૦) હજુ હવે આ ભૂમિના પારણે ઝૂલવાના હતા. આવી તીર્થ અને વીરભૂમિ આપણા ચરિત્ર નાયકની જન્મભૂમિ છે.

આજથી લગભગ સવાસો વર્ષ પહેલાં આ નગરીના લોકો સુખી અને સંતોષી હતા. જોકે સમાજ રૂઢિ અને માન્યતાબદ્ધ હતો. પરંતુ ચરિત્રનાયકના પિતા શ્રી રાઘવજીભાઈ ગાંધી ધર્મપ્રિય અને સમાજસુધારક હતા. એમને સચિત્ત વસ્તુનો આજીવન ત્યાગ હતો. હંમેશાં પાણી ઉકાળીને જ વાપરતા. મરણ પાછળ રડવા-કૂટવાનો રિવાજ અયોગ્ય લાગતાં એ રૂઢિને એમણે તિલાંજલિ આપેલી. ધંધો મોતીનો પણ સચ્ચાઈ ભારોભાર. એમનું સમગ્ર જીવન ધર્મમય. આવા સચ્ચરિત્ર રાઘવજીભાઈ ગાંધીને ત્યાં વિ. સં. ૧૯૨૦ના શ્રાવણ વદ આઠમ, ઈ. સ. ૧૮૬૪ના ૨૫મી ઑગસ્ટના રોજ શ્રી વીરચંદ ગાંધીનો જન્મ થયો. એમની માતાનું નામ માનબાઈ હતું.

## અભ્યાસકાળ

વિનોબાજીએ એક વાર પં. સુખલાલજીને પૂછ્યું : 'તમારા જીવનમાં પરમ આનંદ કયો લાગે છે ?'

પ્રત્યુત્તરમાં પંડિતજીએ કહ્યું : 'અધિકારી વિદ્યાર્થીને અધ્યયન કરાવવાનો.'

અધિકારી અધ્યાપક મળે એ આનંદની વાત છે : અધિકારી વિદ્યાર્થી મળે એ અધ્યાપકને માટે પણ એટલી જ આનંદદાયક ઘટના છે. એના મૂળમાં જ્ઞાનપિપાસા રહેલી હોય છે. વીરચંદભાઈની તીવ્ર યાદશક્તિ અને અદ્‌ભુત જ્ઞાનપિપાસા પ્રાથમિક શાળાનાં વર્ષો સફળતાપૂર્વક પાર કરવામાં કારણભૂત હતાં. વ્યાવહારિક શિક્ષણ માટે જેમ શાળામાં જતા તેમ ધાર્મિક અભ્યાસ માટે પાઠશાળામાં તેઓ નિયમિત જતા. ઉપરાંત, વ્યાખ્યાન શ્રવણ નિમિત્તે ઉપાશ્રયમાં પણ જતા. એ સમયે પ્રાથમિક શિક્ષણ પર્યાપ્ત ગણાતું. એ વખતે મહુવામાં પ્રાથમિક શાળા હતી, એટલે વિદ્યાર્થીનો અભ્યાસ અહીં પૂરો થયેલો ગણાતો. પરંતુ ગામ અને સમયની આ મર્યાદા એમના પિતા રાઘવજીભાઈને મંજૂર ન હતી. એમણે પરિવર્તન પામી રહેલા સમયનો તાગ મેળવી લીધો હતો અને આધુનિક શિક્ષણની આવશ્યકતા પણ પિછાની લીધી હતી.

એટલે પોતાના પુત્રના માધ્યમિક શાળાના અભ્યાસ માટે તેઓ સહકુટુંબ ભાવનગર આવ્યા. અભ્યાસમાં મશગૂલ વીરચંદભાઈએ માધ્યમિક કેળવણી જોતજોતામાં પૂરી

કરી, એટલું જ નહિ પરંતુ ૧૮૮૦માં ૧૬ વર્ષની ઉંમરે મેટ્રિક્યુલેશન પરીક્ષામાં રાજ્યમાં પ્રથમ આવ્યા અને સર જશવંતસિંહજી સ્કૉલરશિપ મેળવી. અભ્યાસની સાથે એમણે અન્ય પ્રવૃત્તિઓમાં અને જીવનોપયોગી પુસ્તકોના વાચનમાં રસ કેળવેલો, જે એમના વિકાસમાં આગળ જતાં પોષક બન્યો.

## જૈન સમાજના પ્રથમ સ્નાતક

શ્રી વીરચંદભાઈનો અંગ્રેજી ભાષા પર સારો કાબૂ હતો. એમનો અભ્યાસમાં રસ, એકાગ્રતા અને બુદ્ધિપ્રધાનતાના ગુણો પારખીને એમને ઉચ્ચ કેળવણી આપવામાં એમના પિતાશ્રીએ જરા પણ કચાશ ન રાખી. ભાવનગરમાં કૉલેજ ન હતી એટલે તેઓ સહકુટુંબ મુંબઈ આવી વસ્યા. પોતાની જાત-દેખરેખ હેઠળ મુંબઈની એલફિન્સ્ટન કૉલેજમાં એમનું શિક્ષણ શરૂ થયું. કર્મશીલ યુવાન વીરચંદે પોતાના પિતાના સંસ્કારને છાજે એવું પોતાના જીવનનું ઘડતર કર્યું. ઈ. સ. ૧૮૮૪માં માત્ર વીસ વર્ષની વયે તેઓ બી.એ. (ઑનર્સ) થયા અને જૈન સમાજના પ્રથમ સ્નાતક થવાનું માન મેળવ્યું.

## જાહેર જીવનના શ્રીગણેશ

તે સમયે પાલિતાણાના ઠાકોરસાહેબ સાથે શ્રી શત્રુંજય તીર્થ સંબંધમાં મતભેદ થયેલો. જૈનોની વગ રાજ્યો પર રહી ન હતી અને અંગ્રેજ અમલ દરમિયાન રાજાઓ નામશેષ થયેલા. એટલે સંગઠન સાધવાની જરૂર હતી. આ માટે ઈ. સ. ૧૮૮૨માં 'જૈન એસોસિયેશન

ઓફ ઇન્ડિયા'ની સ્થાપના કરવામાં આવેલી. તેના મુખ્ય હેતુઓ આ પ્રમાણે હતા :

(૧) જૈન ધર્મ અને સમાજને સંગઠિત કરવો અને તેની સામાજિક તથા નૈતિક ઉન્નતિ સાધવી.

(૨) જૈન ધર્મનાં ટ્રસ્ટ ફંડ અને ધર્માદા ખાતાંઓની દેખરેખ રાખવી.

(૩) પશુવધ અટકાવવો અને તીર્થસ્થાનોમાં યાત્રિકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવી વગેરે.

આ સંસ્થાના મંત્રીપદે ઈ. સ. ૧૮૮૪માં શ્રી વીરચંદ ગાંધીની સર્વાનુમતે વરણી થઈ.

## ચિકાગો વિશ્વધર્મ પરિષદમાં

ભારતવર્ષના ઇતિહાસમાં સમ્રાટ અશોક, સમ્રાટ અકબર કે અન્ય ધર્મને અનુસરતા રાજા-મહારાજાઓ વિદ્વાનોનું બહુમાન કરતા. પંડિતોની ઐતિહાસિક વિવાદ-સભા ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ચિકાગોમાં મળેલી વિશ્વધર્મ અગર સર્વધર્મ પરિષદની નાની-શી આવૃત્તિ હતી એમ કહી શકાય. આમ છતાં, ચિકાગોની વિશ્વધર્મ પરિષદનું ઐતિહાસિક મૂલ્ય અનુપમ છે, કારણ કે, જે વ્યવસ્થા સાથે આ પરિષદ મળી અને તેમાં ભિન્ન ભિન્ન દેશોમાંથી ભિન્ન ભિન્ન ધર્મના પ્રતિનિધિઓએ પહેલી વખત હાજરી આપી અને સફળતાથી એનું સંચાલન થયું તે વિશ્વની તવારીખમાં અદ્વિતીય બની રહે છે. ત્રણ હજારથીયે વધુ પ્રતિનિધિઓએ એમાં હાજરી આપી હતી. વિશ્વધર્મ પરિષદના ઉદ્દેશોમાં,

જુદા જુદા ધર્મોનું વિશ્વને જ્ઞાન આપવાનો, સર્વ ધર્મોના અનુયાયીઓમાં ભ્રાતૃભાવ અને સ્નેહ પ્રગટાવવાનો, તેમ જ વિચારવિમર્શ દ્વારા આ ભાવનાને પ્રબળ બનાવવાનો, ભિન્ન ભિન્ન ધર્મોના વિદ્વાનોના સાહિત્ય, કલા, વ્યાપાર આદિ વિવિધ વિષયોને અનુલક્ષી વિચારોનો વિનિમય કરવાનો અને વિભિન્ન રાષ્ટ્રોને એકત્ર કરી વિશ્વમાં શાંતિ સ્થાપવાના પ્રયત્નોનો સમાવેશ થતો હતો.

પૂ. આત્મારામજી (પૂ. આચાર્યશ્રી વિજયાનંદસૂરિ) મહારાજને ઈ. સ. ૧૮૯૨માં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે આ પરિષદમાં ભાગ લેવા નિમંત્રણ મળ્યું. પૂ. આત્મારામજી મહારાજની સમાજ અને ધર્મની સેવા ઉપરાંત વિશિષ્ટ વિદ્વત્તાની ખ્યાતિ અમેરિકા અને યુરોપમાં પ્રસરી હતી. તેમને આમંત્રણ આપવા માટેની આ ભૂમિકા હતી. પાછળથી પ્રગટ થયેલ વિશ્વધર્મ પરિષદનો અહેવાલ આ બાબતને સમર્થન આપતાં લખે છે કે, "અન્ય કોઈ વ્યક્તિએ મુનિશ્રી આત્મારામજીની માફક હૃદયથી જૈન સમાજના કલ્યાણ અને હિતમાં પોતાનું સર્વસ્વ સમર્પણ કર્યું નથી. તેઓ સચ્ચરિત્ર મહાપુરુષોમાંના એક છે કે જેણે દીક્ષા લીધી ત્યારથી દેહોત્સર્ગ સુધી ઉચ્ચ 'મિશન' માટે કામ કર્યું હોય. તેઓ જૈન સમાજના અગ્રગણ્ય મહાન આચાર્ય છે અને પૂર્વના વિદ્વાનો તેમને જૈન ધર્મ અને સાહિત્યના અધિકારી સમજે છે."

જૈન ધર્મની પ્રણાલિકાનુસાર વિદેશની મુસાફરી એમને બાધક હતી. એટલે હાજરી નહીં આપી શકવા માટે એમણે

દિલગીરી દર્શાવી. પરંતુ પરિષદના સંચાલકોએ તેમને જૈન ધર્મ વિષે મહત્ત્વપૂર્ણ મહાનિબંધ તૈયાર કરવાનો વિકલ્પ સૂચવ્યો, જેથી પરિષદમાં હાજર રહેલા પ્રતિનિધિઓને એના વાચન દ્વારા જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોનો ખ્યાલ આવે. પરિણામે 'ચિકાગો પ્રશ્નોત્તર' પુસ્તક તૈયાર થયું. પરિષદના સંચાલકો જૈન ધર્મના તત્ત્વજ્ઞાનથી એટલા બધા પ્રભાવિત થયા કે આ પરિષદમાં જૈન પ્રતિનિધિ હાજર ન રહે એ એમને ન રુચ્યું. એટલે પૂ. આત્મારામજી મહારાજને વિશેષ પ્રતિનિધિ મોકલવાનો આગ્રહ કર્યો. આ આગ્રહને પરિણામે શ્રી વીરચંદ-ભાઈ ગાંધીની પસંદગી થઈ. ચિકાગો જતાં પહેલાં તેમણે પૂ. આત્મારામજી મહારાજ પાસે છ માસ રહી જૈન ધર્મના ઊંડાણભર્યા તત્ત્વજ્ઞાનનું તલસ્પર્શી જ્ઞાન મેળવી લીધું. પૂ. આત્મારામજી મહારાજે એમને સ્વદેશી પહેરવેશ રાખવાની તેમજ રોજિંદા જીવનમાં બીજી કશી જ શિથિલતા ન આવવા દેવાની આજ્ઞા આપી. રસોઈ માટે સાથે વિશ્વવિખ્યાત જાદૂગર પ્રો. નથુ મંછાચંદને લીધા અને સ્ટીમર "આસામ" મારફતે રવાના થાય.

## જૈન ધર્મના પ્રતિનિધિ

ત્રણ હજારથીયે વધુ પ્રતિનિધિઓ જે પરિષદમાં હાજર રહ્યા હોય એ પરિષદમાં પોતાના ધર્મનું પ્રતિનિધિત્વ કોઈ પણ એક વ્યક્તિને આપતા કોઈ પણ સમાજ એ વ્યક્તિની વિદ્વત્તા, એનું વાક્ચાતુર્ય, તુલનાત્મક અધ્યયન-શક્તિ અને વિશાળતા આદિ ગુણોને ધ્યાનમાં લઈને પસંદગી

કરે એ સ્વાભાવિક છે. શ્રી વીરચંદભાઈની પસંદગી પૂ. આત્મારામજી મહારાજે આ ભૂમિકા પર કરી હતી. આવી વ્યક્તિ સફળ થાય એમાં નવાઈ નહીં. પરંતુ પરિષદમાં જૈન ધર્મની રજૂઆત માટે એ સમયની જે મુશ્કેલી હતી અને તેઓ જે રીતે સફળ થયા, એમાં એમની ખરી મહત્તા છે.

ભારતીય દર્શનની ત્રણ પ્રથાઓ – હિન્દુ, જૈન અને બૌદ્ધ દર્શન. એના મૂળ ગ્રંથો સંસ્કૃત, પ્રાકૃત કે અર્ધ-માગધીમાં રચાયેલા છે. આ ધર્મથી અપરિચિત વ્યક્તિએ અભ્યાસ માટે સૌથી પહેલાં એની પરિભાષા (Technical words) સમજી લેવી જોઈએ. ભારતીય દર્શનનું તત્ત્વજ્ઞાન, એની વિષયની છણાવટ અને સમજાવટ આ રીતે નવી વ્યક્તિને – નવા સમૂહને આપવી બહુ કઠિન છે. એમાંય જ્યારે જૈનદર્શનની છણાવટ ,દરેક વિષયને સ્પર્શે છે – માત્ર ઉપરછલ્લો સ્પર્શ નહીં – સૂક્ષ્માતિસૂક્ષ્મ તલસ્પર્શી એનું અધ્યયન હોય ત્યારે એ તત્ત્વજ્ઞાન સમજી, એનું હાર્દ પચાવી, પરિષદના વિદ્વાનો સમક્ષ બહુ જ ટૂંકા સમયમાં સમસ્ત રજૂઆત કરવી – એટલું જ નહિ પરંતુ હૃદય સોંસરવું ઊતરી જાય અને જૈન ધર્મ વિષે જિજ્ઞાસાનું વાતાવરણ ખડું થાય એ રીતે સમજાવવું એવી ગાગરમાં સાગર સમાવી દેવાની શક્તિ તો શ્રી વીરચંદભાઈ જેવા વીરને – વીરલાને જ વરી હોય !

પરિષદમાં એમણે જૈન તત્ત્વજ્ઞાન, જૈન નીતિ સંબંધી વ્યાખ્યાન આપતાં શ્રુતધર્મને લગતી બાબતો જેમ કે, નવ તત્ત્વ, છ પ્રકારના જીવો, વિશ્વના આદિ-અંતની અન્ય ધર્મોનાં

મંતવ્યો સાથે તુલના, દ્રવ્યાર્થિક તેમજ પર્યાયાર્થિક નય સંબંધી જૈનદર્શનની સૂક્ષ્માતિસૂક્ષ્મ વિચારસરણી રસસભર રજૂ કરી, જે આપણા માટે દ્યોતકરૂપ હોય. એમના જ શબ્દોમાં જોઈએ :

"Jainism has two ways of looking at things — one called the Dravyarthikanaya and the other the Paryayarthikanaya. I shall illustrate the same. The production of a law is the production of something not previously existing if we think it from the latter point of view i. e. as a Paryaya or modification; while it is not the production of something not previously existing, if we look at it from the former point of view, i. e. as a Dravya or Substance.........

".......The Jainism canon may be divided into two parts : first Sruta Dharma i. e. Philosophy and second Caritra Dharma i. e. ethics.

"The Sruta Dharma inquires into the nature of nine principles, six kinds of living being and four states of existence sentient beings, non-sentient things, merit, demerit of the nine principles, the first is 'Soul'. According to Jaina View, 'Soul'

is that element which knows, thinks and feels......

"The second principle is non-soul. It is not simply what we understand by matter, but is more than that. Matter is a term contrary to 'Soul'. But non-soul is its contrary. — Whatever is not soul is non-soul.

"The rest of the nine principles are but the different states produced by the combination and separation of soul and non-soul. The third principle is merit (Punya); that on account of which a being is happy. The fourth principle is demerit: that on account of which a being suffers from misery......

"......Six kinds of living beings are divided into six classes, Earth-body beings (पृथ्वीकाय), Water-body beings (अपकाय), Fire-body beings (तेउकाय), Wind-body beings (वाउकाय), Vegetables (वनस्पतिकाय), and all of them having one organ of sense, that of touch......

"......The Jaina canonical book treats very elaborately of the minute divisions of the living beings and their prophets have long before the discovery of microscope been able to tell how many organs of sense

the minutest animalcule has. I would refer those, who are desirous of studying Jaina biology, zoology, botany, anatomy and philosophy to the many books published by our society...

"What is the origin of the universe?

"This involves the question of God Gautama, the Buddha, forbids inquiry into the beginning of things. In the Brahmanical literature bearing on the constitution of cosmos frequent reference is made to the days and nights of Brahma, the periods of Manvantara (मन्वंतर) and the periods of Pralaya (प्रलय). But the Jainas, leaving all symbolic expressions aside, distinctly reaffirm the view previously promulgated by the previous hierophants, that matter and soul are eternal and cannot be created. You can affirm existence of a thing from one point of view, deny it from another and affirm both existence and non-existence with reference to it at diefferent times......"

એમના પ્રવચનમાંથી વિગતવાર પેરેગ્રાફ ઉતારવાનો હેતુ એ છે કે, જૈન પરિભાષાને અંગ્રેજીમાં રજૂ કરવી કેટલી મુશ્કેલ છે. એ દૃષ્ટિએ અંગ્રેજી ભાષામાં જૈન ધર્મની

રજૂઆતનો શ્રી વીરચંદભાઈએ પાયો નાખ્યો અને એમની વિદ્વત્તા, તુલનાત્મક અધ્યયનશક્તિ ઉપયોગમાં લીધી.

પરિષદમાં જૈન ધર્મ વિષેના એમના પ્રવચનથી લોકોમાં જૈન ધર્મ વિષે એટલી પ્રબળ જિજ્ઞાસા જાગી કે અમેરિકામાં ઠેર ઠેર એમનાં પ્રવચનો ત્યાર બાદ યોજાયાં અને કર્મ, તત્ત્વજ્ઞાન તેમજ યોગનું સ્વરૂપ સમજવા માટે અનેક સ્થળોએ વર્ગો શરૂ થયા; એમના મોહક વ્યક્તિત્વથી વિદેશીઓ એટલા બધા પ્રભાવિત થયા કે, અમેરિકાનાં વર્તમાનપત્રોએ એમનાં પ્રવચનોને અગ્રસ્થાન આપ્યું અને એમની પ્રશંસા કરવા લાગ્યાં. પૂ. આત્મારામજી મહારાજની પસંદગી કેટલી સુયોગ્ય હતી એ તો પરિષદમાં હાજર રહેલા વિદ્વાનોમાં શ્રી વીરચંદભાઈનું કેવું સ્થાન હતું એ વિષેનો અમેરિકાનાં વર્તમાનપત્રોનો અભિપ્રાય જોતાં જ ખ્યાલ આવશે; 'પરિષદમાં જુદા તરી આવે એવા ઘણાય હિંદુ વિદ્વાનો, તત્ત્વજ્ઞાનીઓ અને ધર્મોપદેશકોએ હાજરી આપી અને પ્રવચનો આપ્યાં; તે પૈકી કેટલાક તો એવા હતા કે, જેમની વિદ્વત્તા, વક્તૃત્વ-શક્તિ અને ધર્મભક્તિ કોઈ પણ પ્રજાની ઉચ્ચમાં ઉચ્ચ વ્યક્તિઓ સાથે સમાન પદ પર મૂકી શકાય. પરંતુ એટલું તો નિર્ભયતાથી કહી શકાય કે, પૌર્વાત્ય પંડિતોમાંથી જૈન સમાજના યુવકે પોતાના વર્ગની નીતિ અને તત્ત્વજ્ઞાન સંબંધી આપેલ ભાષણ શ્રોતાઓએ જે રસથી સાંભળ્યું તે કરતાં વધારે રસથી કોઈ પણ પૌર્વાત્ય પંડિતનું તેમણે સાંભળ્યું નહોતું."

## હિન્દુ ધર્મનો બચાવ

ભારતભૂમિ સર્વ સંસ્કૃતિઓનું પારણું છે, તત્ત્વજ્ઞોની જનેતા છે અને સ્વામી શ્રી વિવેકાનંદના શબ્દોમાં કહું તો ભારતભૂમિ જગવંદ્ય છે, પરંતુ ક્યારેક એવું પણ બને છે કે સૂર્યનો પરિતાપ સહન ન થતાં, તે તરફ ધૂળ ઉડાડવાની બાળચેષ્ટા કેટલાક લોકો કરી બેસે છે. દક્ષિણ ભારતનાં મંદિરોમાં ગાનારીઓને અમુક પ્રસંગોએ ગાનતાન માટે બોલાવવામાં આવે છે. એ વિષે રેવરન્ડ પેન્ટેકોસ્ટ (Rev. Pentecost) નામના લંડનના પ્રતિનિધિએ ટીકા કરતાં કટાક્ષમાં કહ્યું કે, "તેઓ વેશ્યાઓ હતી એટલા માટે પૂજારી બનાવવામાં આવી અને તેઓ પૂજારી હતી તોપણ વેશ્યાઓનાં કામ કરતી હતી." સમાજમાં રહેલાં દૂષણો ધર્મને લઈને નથી એ સત્યનું વસ્તુતઃ વિસ્મરણ થવાથી અને વિદેશીઓને આવી બધી માહિતી બીજાઓની મારફત (Third hand Information) મળવાથી આવી ટીકા કરે એ બનવા જોગ છે. પરિષદમાં હાજર રહેલા પ્રતિનિધિઓમાંથી શ્રી વીરચંદભાઈનું આવી અયોગ્ય ટીકાથી લોહી ઊકળી ઊઠ્યું અને એનો પ્રત્યુત્તર આપવાનું યોગ્ય માન્યું. શ્રી વીરચંદભાઈની જૈન ધર્મની રજૂઆત કરવા ઉપરાંત આ એક અદ્વિતીય વિશેષતા રહી છે. તે એ અર્થમાં કે જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે હાજર રહી, સ્યાદ્વાદના અનુયાયી માત્ર સ્વલક્ષી દૃષ્ટિ અપનાવી ન શકે, પરંતુ દેશનું હિત સમજી એ પ્રમાણે વિદેશના લોકોને પોતાના દેશના રીતરિવાજો,

ધાર્મિક વગેરે બાબતો સંબંધે પ્રવર્તતા ખોટા ખ્યાલો દૂર કરે – એમણે એ કરી બતાવ્યું છે, જે એમના તત્પશ્ચાત્ પ્રવાસમાં પ્રસંગો ઉપસ્થિતિ થતાં અને વિદેશથી વિદાય લેતાં Some Mistakes Corrected એ પ્રવચનમાં પણ સ્ફુટ થાય છે. પરિષદમાં એમણે કરેલો હિન્દુ ધર્મનો બચાવ આજે પણ આપણને વેધક રીતે સ્પર્શે એવો હોઈ, અહીં અનુવાદ કરી આપ્યો છે.

"દરેક ટીકાઓ સમાજમાં રહેલાં દૂષણો સાથે સંબંધ ધરાવે છે. હું જે વારંવાર કહેતો આવ્યો છું તે આજે ફરીથી કહું છું કે, 'સમાજમાં રહેલી ક્ષતિઓ ધર્મને કારણે નથી પરંતુ બીજા બધા દેશોમાં બનતું આવ્યું છે એ પ્રમાણે ધર્મ હોવા છતાં પણ મોજૂદ છે.'

"કેટલાક મહત્ત્વાકાંક્ષી માણસો એમ વિચારે છે કે તેઓ મહાત્મા પોલ છે અને એ વાત પર વિશ્વાસ પણ કરી લે છે. આ નવા પોલ ભારતમાં પોતાના આદર્શો રજૂ કરવા જાય છે અને ભારતીય સમૂહનું એ પરિવર્તન કરવા માગે છે, પરંતુ જ્યારે એમનું સ્વપ્નું સરી જાય છે – અને સ્વપ્ન હંમેશાં સરી જાય છે – ત્યારે તેઓ જીવનભર હિન્દુ ધર્મની ટીકા કરવામાં જ રચ્યાપચ્યા રહે છે. 'કોઈ પણ ધર્મની નિંદા કરવી એ તે ધર્મની વિરુદ્ધનું કોઈ પ્રમાણ નથી, એવી જ રીતે કોઈ પણ ધર્મની પ્રશંસા પણ તે ધર્મની સત્યપરાયણતાનો પુરાવો નથી.' આવી વ્યક્તિઓ પર મને દયા આવે છે. દક્ષિણ ભારતમાં કેટલાંક એવાં મંદિરો છે, જેમાં વિશેષ અવસર પર ગાવા માટે ગાવાવાળી સ્ત્રીઓને બોલા-

વવામાં આવે છે. એ પૈકી કેટલીક સ્ત્રીઓ શંકાસ્પદ ચારિત્ર ધરાવે છે, જે હિન્દુ સમાજને દૂષણરૂપ લાગે છે અને એ દૂષણને દૂર કરવા શક્ય તેટલા પ્રયત્ન પણ કરે છે. પરંતુ એથી 'તેઓ વેશ્યાઓ હતી એટલે પૂજારી બનાવવામાં આવી અને પૂજારી છે છતાં વેશ્યાઓનાં કામ કરે છે; એમ કહેવું એ સત્યથી વેગળું છે – જેમ અંધકારથી પ્રકાશ તદ્દન ભિન્ન છે.' આવી સ્ત્રીઓને મંદિરના મુખ્ય ભાગમાં પણ પ્રવેશ કરવા દેવામાં નથી આવતી અને તેઓના પૂજારી હોવા સંબંધમાં એ કહેવું પર્યાપ્ત ગણાશે કે હિમાલયથી કન્યાકુમારી સુધી એક પણ સ્ત્રી પૂજારી નથી.

"જો હાલની ન્યૂનતા હિન્દુ ધર્મના કારણે ઉત્પન્ન થઈ છે એમ ગણવામાં આવે તો એ જ ધર્મમાં એવું સમર્થ રાષ્ટ્ર બનાવવાનું સામર્થ્ય છે, જે ગ્રીક ઇતિહાસ-કારોને એમ કહેવા માટે પ્રેરણારૂપ બન્યું કે 'કોઈ પણ હિન્દુ અસત્ય બોલતો જોયો નથી અને કોઈ પણ હિન્દુ સ્ત્રી શીલપતિત થયેલી સાંભળી નથી. અને આજે પણ ભારત કરતાં વધુ પવિત્ર સ્ત્રી અગર વધુ નમ્ર હૃદય પુરુષ બીજે ક્યાં છે?'

"જેઓ ભારતની ભવ્યતાને નિંદે છે તેઓ માટે હું ખૂબ ખૂબ દિલગીર છું, પરંતુ મને એક જ આશ્વાસન છે કે એમને મળતી માહિતી બીજા–ત્રીજાઓની મારફત મળે છે, જે વહેમો અને માન્યતાઓથી ભરપૂર હોય છે. જિસસના ચારિત્ર્યની ટીકા કરતા હિન્દુઓનો ઇનકાર કરવામાં, જેઓ

પોતાના ધર્મની શ્રેષ્ઠતા સમજે છે અને જેમાં હકીકતે ધર્માંધતા અને ખંડનાત્મક દૃષ્ટિ જ હોય છે; તેમને હું ઈસપની જૂની કથા યાદ કરવા કહેવા લલચાઉં છું; 'હું તમને નમસ્કાર કરતો નથી, પરંતુ તમારી પાછળ રહેલી શુભ ભાવનાને વંદું છું" અને તમને સમ્રાટ અકબરના જીવનમાંથી એક પ્રસંગ ઉદાહરણરૂપે કહીશ :

"મુસ્લિમ યાત્રાળુઓનું એક જહાજ મક્કા જતું હતું. રસ્તામાં પોર્ટુગીઝોએ આ વહાણને કબજે કર્યું. લૂંટેલા સરસામાનમાં પવિત્ર કુરાનની કેટલીક નકલો હતી, જે કૂતરાઓને ગળે લટકાવી અને કૂતરાઓને શહેરમાં ફેરવ્યા. સંજોગવશાત્ એવું બન્યું કે સમ્રાટના માણસોએ પોર્ટુગીઝના એક વહાણને કબજે કર્યું જેમાં પવિત્ર બાઈબલની પ્રતો હતી. સમ્રાટ અકબરનો તેની માતા પ્રત્યેનો સ્નેહ જાણીતો છે. તેની માતાને મુસ્લિમોના પવિત્ર ગ્રંથ કુરાન પ્રત્યેના પોર્ટુગીઝોના વર્તાવથી દુઃખ થયું હતું આથી તે સમ્રાટ અકબરને બાઈબલ પ્રત્યે પણ એવો વર્તાવ કરવાનો આગ્રહ કરતી હતી, પરંતુ આ ઉમદા વ્યક્તિએ જવાબ આપ્યો : 'બા ! આ અજ્ઞાત માણસો પવિત્ર કુરાનની મહત્તા સમજતા નથી. એમણે દાખવેલ વર્તણૂક એમની અજ્ઞાનતાનું પરિણામ છે, પરંતુ હું તો પવિત્ર કુરાન અને બાઈબલ બન્નેની શ્રેષ્ઠતાથી પરિચિત છું. એટલે જે રીતે એ લોકોએ અજ્ઞાનતા દર્શાવી એ રીતે હું અજ્ઞાનતા દર્શાવી ન શકું.' "

અત્રે એ નોંધવું રસપ્રદ થશે કે રેવરન્ડ ડો. જ્યોર્જ એફ. પેન્ટેકોસ્ટે કરેલી અઘટિત ટીકાને અમેરિકાનાં વર્તમાન-

પત્રોએ એકી અવાજે પાર્લામેન્ટના દરજ્જાને હાનિકારક ગણાવી હતી અને શ્રી વીરચંદભાઈના ઔદાર્ય અને ગૌરવપૂર્ણ પ્રત્યુત્તરની માત્ર નોંધ નહીં, પરંતુ સારાય પ્રવચનના અક્ષરશઃ ઉતારા સાથે રજૂઆત કરી હતી, એમણે આ પ્રત્યુત્તર તા. ૨૫–૯–૧૮૯૩ના રોજ આપ્યો હતો.

તા. ૨૬–૯–૧૮૯૩ના અંકમાં ચિકાગો ટાઈમ્સ નામના પત્રે લખ્યું હતું કે :

"Mr. Gandhi of India replies to some inhospitable criticisms, when Dr. George F. Pentecost, in his address before the Parliament of Religions last Sunday evening, assailed the character of Brahmin priests and priestesses, he not only committed a gross outrage upon the Parliament by overstepping the very first rules under which the Congress is conducted and succeeded as a guest in a wholesale libel upon other given in the Parliament, but he aroused alike the indignations of Christians, Buddists and members of every sect in attendance. Here is the brief extract from Dr.'s unprecedented attack :

"We have listened to lectures from distinguished orientals on our political and social shortcomings for the last few days

with as much as patience as we could command. They have been going through the slums of Chicago and New York and have been going dumping down buckets of mud upon us. But we deny that these are specimens of Christianity. But in India among the High Class Brahmins, there are at least 600 priestesses and every one of them is a prostitute. They are prostitutes because they are priestesses and they are priestesses because they are prostitutes. These men are criticising Christianity. There are two or three oriental bubbles floating over Chicago that need to be pricked."

"Such language under such circumstances is beyond criticism and stands out in unpleasant contrast to the dignified reply made yesterday afternoon by Virchand Raghavji Gandhi, who represents in the Parliament the Jaina seet of India."

આટલી ટીકાટિપ્પણ બાદ શ્રી વીરચંદભાઈનું આખુંય પ્રવચન અક્ષરશઃ આપ્યું હતું. આ સિવાય "ઇન્ટર-ઓશ્યન" (Inter Ocean) વગેરે અન્ય પત્રોએ પણ આ પ્રમાણે પ્રત્યાઘાતો આપ્યા હતા.

અત્રે એ નોંધવું રસપ્રદ થશે કે ભારતમાંથી હાજર રહેલા પ્રતિનિધિઓ પૈકી શ્રી વીરચંદભાઈ ગાંધીએ જ હિન્દુ ધર્મ પર થયેલા પ્રહારોનો ગૌરવપૂર્ણ પ્રત્યુત્તર આપ્યો હતો.

## પરિષદમાંથી વિદાય

તેઓ બુદ્ધિપ્રધાન તો હતા જ, પરંતુ સાથોસાથ લાગણીપ્રધાન પણ હતા જ. ચિકાગો વિશ્વધર્મ પરિષદની કાર્યવાહી સમેટી લેતાં સૌએ આભારવિધિ કરી હતી, એમાં શ્રી વીરચંદભાઈએ જલદીથી છૂટા પડવા અંગે સંવેદના વ્યક્ત કરતાં કહ્યું :

"શું આપણે એ વાતનું દુઃખ નથી અનુભવી રહ્યા કે આપણે અતિશીઘ્ર વિદાય થઈ રહ્યા છીએ? શું આપણી ઇચ્છા નથી કે આ પરિષદ સત્તર વખત સત્તર દિવસ ચાલુ રહે? શું આપણે આ મંચ ઉપરથી વિદ્વાન પ્રતિનિધિઓનાં વ્યાખ્યાન આનંદ અને રુચિપૂર્વક નથી સાંભળ્યાં? શું આપણને એમ નથી લાગતું કે પરિષદના સંચાલન દ્વારા જે કાંઈ સિદ્ધ થયું છે એના કરતાં પરિષદના સંચાલકોનું સ્વપ્ન કંઈક અત્યાધિક હતું?"

## આર્યસંસ્કૃતિનું પ્રતિનિધિત્વ

વિદેશમાં એમના પ્રવાસ દરમિયાન ભારતીય સંસ્કૃતિને શોભે એ રીતે એમણે બાહ્ય ટીકાઓથી રક્ષણ કર્યું અને એનો પ્રચાર કરવામાં એક નિખાલસ અને વિશાળ હૃદયી

વિદ્વાનને શોભે એવું કૌશલ્ય દાખવ્યું. એમની ચર્ચા અને ટીકાઓના પ્રત્યુત્તરમાં સૌમ્ય અને ઉચ્ચ ધોરણ જાળવતા.

એમનાં પ્રવચનોમાં 'હિન્દુઓનું પ્રાગૈતિહાસિક જીવન', 'ભારતમાં લગ્નનો દરજ્જો', 'ભારતમાં સ્ત્રીઓની સ્થિતિ', 'ભારતીય પ્રજાના સામાજિક રીત-રિવાજો', 'હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મનું મુખ્ય તત્ત્વજ્ઞાન', 'ધી લૉ ઑફ એથિકલ કોઝેશન એ સોલ્યુશન ઑફ લાઇફ', 'રાજકીય ભારત – હિન્દુ, મુસ્લિમ અને અંગ્રેજ', 'હિન્દુ સ્ત્રીઓ – ભૂત, વર્તમાન અને ભાવિ' વગેરે મુખ્ય હતા. અન્ય વિષયોમાં 'ઑકલ્ટીઝમ', 'ગાયન વિદ્યા', 'અમેરિકાની સ્ત્રીઓએ ટોપીમાં પક્ષીનાં પીંછાં ન રાખવાં જોઈએ', 'સમાચારપત્ર અને રંગભૂમિનો સંબંધ', 'અમેરિકન રાજનીતિ પર વર્તમાન સામાજિક કાયદાનો પ્રભાવ', 'ભારતનો અમેરિકાને સંદેશ', 'ભારતની અમેરિકાને ભેટ', 'બૌદ્ધ ધર્મ', 'દર્શનની ત્રણ મૌલિક પ્રથાઓ', 'ભારતની રાજનૈતિક અવસ્થા', 'હિન્દુ, મુસલમાન અને અંગ્રેજ રાજ્યમાં નારીનું સ્થાન' વગેરે વિવિધ વિષયો પર પ્રવચન આપી, પોતાની પ્રતિભાનો પરિચય કરાવ્યો હતો.

વિશ્વધર્મ પરિષદ બાદ કેટલોક વખત તેઓ અમેરિકામાં રહ્યા અને ત્યાર બાદ ઈ. સ. ૧૮૯૬માં અને ૧૮૯૯માં એમ બે વખત ફરીથી અમેરિકાનું પરિભ્રમણ કર્યું. આ દરમિયાન ૬૫૦ જેટલાં પ્રવચનો આપ્યાં. એ પૈકી કેટલાંક 'Jaina Philosophy', 'Karma Philosophy અને 'Yoga Philosophy' નામક પુસ્તકમાં ગ્રંથસ્થ થયાં છે.

અમેરિકાની પ્રજા સમક્ષ પ્રવચન કરતાં એક વખત એમણે કહ્યું : "આ દેશમાં હું આવ્યો છું ત્યારથી સાંભળી રહ્યો છું કે 'આ આખું વિશ્વ જિસસનું છે' – ઈસાઈ જગતનો આ નારો અવાજ છે. આ બધું શું છે ? આનો અર્થ શું ? એ કોણ ઈસુ છે, જેના નામ પર તમે વિશ્વ પર વિજય મેળવવા ઇચ્છો છો ? શું અત્યાચારના ઈસુ છે ? શું અન્યાયના ઈસુ છે ? શું સર્વ અધિકારોના નિષેધના ઈસુ છે ? જો એવા ઈસુના નામ પર અને એવા ઝંડાના આધાર પર તમે અમને જીતવા માગશો તો અમે પરાજિત નહીં થઈએ, પરંતુ જો તમે અમારી પાસે શિક્ષા, ભ્રાતૃભાવ અને વિશ્વપ્રેમ ઈસુના નામ પર આવશો તો અમે તમારું સ્વાગત કરીશું. એવા જિસસને અમે જાણીએ છીએ અને અમને એનો ભય નથી !"

## મુંબઈમાં મિશ્ર પ્રત્યાઘાત

સામાન્ય રીતે મનુષ્યો બે પ્રકારના હોય છે :

એમાંનો એક પ્રકાર એવો છે કે જે નિંદા અને ઝેર એકઠાં કરી ચોતરફ ફેલાવવાનું કામ કરે છે. જ્યારે બીજા પ્રકારના મનુષ્યો જ્યાંથી મળે ત્યાંથી મીઠાશ એકત્રિત કરી એમાંથી સૌંદર્યસભર સત્ત્વ દુનિયા સમક્ષ રજૂ કરે છે.

પ્રથમ વર્ગનો માનવી માખી જેવો હોય છે, જેનાથી સ્વચ્છ સદાચારી માણસ અલિપ્ત રહેવાનું પસંદ કરે છે.

બીજો વર્ગ મધુમક્ષિકા જેવો છે, જેની 'સત્ત્વશીલતા મેળવવા ગુણાનુરાગી હંમેશાં તત્પર હોય એ સ્વાભાવિક છે.

શ્રી વીરચંદભાઈ ચિકાગો વિશ્વધર્મ પરિષદમાં પ્રતિનિધિત્વ કરી સ્વદેશ આવ્યા ત્યારે તેમને પણ બન્ને વર્ગના મનુષ્યોનો અનુભવ થયો.

ઘડીભર એમ થાય કે વિદેશમાં જૈન ધર્મની શાન વધારનાર, ભારતીય સંસ્કૃતિની ગૌરવભરી રજૂઆત કરનાર ભારતમાતાનો લાડકવાયો પાછો ગોદ ખૂંદવા આવે ત્યારે એને સર્વત્ર આવકાર જ મળે ને? પણ એના જ વર્ગના અમુક ભાઈઓ આ આનંદમાં ભાગીદાર થઈ શકે એમ ન હતા.

અને બને છે એમ માખીનો વર્ગ સંખ્યામાં વિસ્તૃત હતો, મધુમક્ષિકાનો વર્ગ પ્રમાણમાં અલ્પ પણ સત્ત્વશીલતા-વાળો હતો. અનાર્ય દેશમાં શાસ્ત્ર મોકલવાનો કે ધર્મના પ્રચારાર્થે વિદેશમાં જવા વિષેના વિરોધનો વંટોળ હજુ શમ્યો ન હતો.

આવા વાતાવરણમાં શ્રી વીરચંદભાઈના પ્રશંસકો, ગુણાનુવાદકોએ બુદ્ધિવર્ધક સભા, આર્યસમાજ વગેરે સંસ્થાના ઉપક્રમે એમનાં પ્રવચનો યોજ્યાં; એ સભાઓમાં ધાંધલ મચી અને ખુરશીઓ ઊછળી. 'વીરચંદ ગાંધીને નાત બહાર મૂકો'ના લોકોએ નારા લગાવ્યા અને અન્ય ધમકીઓ પણ મળવા લાગી.

ચિકાગો વિશ્વધર્મ પરિષદમાં તેઓ હાજરી આપવા ગયા ત્યારે તેની સામે વિરોધ દર્શાવતી પત્રિકા બહાર પડી હતી, જે નીચે મુજબ છે :

મુંબઈ,
તા. ૯મી જુલાઈ, ૧૮૯૩

## જાહેર ખબર

"સર્વ ધર્માભિલાષી જૈનોને વિનયપૂર્વક સૂચવવામાં આવે છે કે અમેરિકા ખંડ મધ્યે ચિકાગોની પરિષદમાં સંઘના નામથી જૈન એસોસિયેશને પ્રતિનિધિઓ મોકલવા વિષે જૈનોની સંમતિ લીધા વિના ઠરાવ્યું છે. તેના વિરુદ્ધમાં જાણવા જેવી બાબતો હાલમાં બહાર આવી છે અને તેથી ઘણા લોકો નાખુશ છે. આ વાત હવે એટલી બધી પ્રસિદ્ધ છે કે તેનું વધારે વિવેચન કરવા હવે દરકાર રહેતી નથી અને અમો આ નીચે સહી કરનારાઓ ખુલ્લી રીતે જણાવીએ છીએ કે જે બે પ્રતિનિધિઓ ચિકાગો મોકલવાનું ઠરાવ્યું છે તે અમોને તદ્દન પસંદ નથી. તેથી અમો તેને રદ કરીએ છીએ અને એ બાબતમાં અમારા જૈની લોકોની સંમતિ નથી."

આ પત્રિકા નીચે ૧૩૭ સહીઓ કરવામાં આવી હતી ને નીચે લખ્યું હતું કે, "વધારે લંબાણ થઈ જવાથી માત્ર જૂજ જ સહીઓ છપાવી છે."

આ બધી વિગત આપવાનું કારણ એ છે કે એ વખતે જ્ઞાતિનાં બંધન આજના જેવાં શિથિલ ન હતાં. શ્રી વીરચંદ-ભાઈ જેવાને દંડ આપવા સમાજનો અમુક વર્ગ તૈયાર થયો એ તો ઠીક, પરંતુ એ વખતે એમની સાથે સંબંધ રાખનારનો પણ સામાજિક બહિષ્કાર થાય એવી પરિસ્થિતિ હતી. આમ છતાંય શ્રી વીરચંદભાઈને વિદેશ મોકલવા બાબત મુંબઈનો

સંઘ વિરુદ્ધ પડ્યો ત્યારે શ્રી મગનલાલ દલપતરામે ગુરુભક્તિથી પ્રેરાઈને ગુરુ-ઇચ્છા પાર પાડવા ગજા ઉપરાંત રકમ પોતે સહાયાર્થે આપી, સંઘને સમજાવી આ કાર્યને પાર પાડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. એમણે આ કટોકટીના સમયે જાહેર નૈતિક હિંમત દાખવી. શ્રી વીરચંદભાઈ સાથે ખાવા-પીવાનો સંબંધ રાખ્યો, એટલું જ નહિ પરંતુ ભાયખલામાં બસો પરોણાઓનું જમણ કરી શ્રી વીરચંદભાઈ સાથે વ્યવહાર જારી રાખ્યો.

વાતાવરણ વિશેષ તંગ બન્યું. ધર્મના કાર્ય માટે કામ કરનાર વ્યક્તિને આ રીતે પરેશાન કરવાથી ધર્મને કલંક લાગે અને ભવિષ્યમાં, ધર્મના માટે પ્રાણ આપનાર મહાનુભાવને, આ કિસ્સો ડંખરૂપ બને. આવું ન થાય એટલે સમાજની શાણી–સમજુ વ્યક્તિઓએ પૂ. આત્મારામજી મહારાજને પરિસ્થિતિથી વાકેફ કરી, શ્રી વીરચંદભાઈને પ્રાયશ્ચિત્ત આપવા અગર તો વ્યવહારુ માર્ગ સૂચવવા જણાવ્યું.

ધર્મનું કાર્ય કરવામાં દંડ શાનો ? આ વાત ક્રાંતિકારી આચાર્યને રુચે શી રીતે ? પ્રાયશ્ચિત્ત તો હંમેશાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યાદિ સંબંધમાં કરેલા દૂષણ માટે હોઈ શકે. શ્રી વીરચંદભાઈએ વિદેશમાં જઈને આચારનું અણિશુદ્ધ પાલન કર્યું હતું એની સાક્ષી તો એ વખતનાં અમેરિકાનાં વર્તમાનપત્રો પૂરે છે. Editor's Bureau લખે છે : “આ મહાન અને ઉમદા વ્યક્તિ પવિત્રતાનો જે ઉપદેશ આપે છે અને એ પ્રમાણે વર્તે છે, એની પ્રશંસા માટે પૂરતા શબ્દો નથી.” આમ સમગ્ર દષ્ટિએ જોતાં પ્રાયશ્ચિત્ત

આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો ન હોવાથી પૂ. આત્મારામજી મહારાજે એ અંગે પ્રત્યુત્તર આપતાં જણાવ્યું કે—

**"श्री निशीथसूत्र में लिखा है कि जो बिना दूषल प्रायश्चित्त देवे तो प्रायश्चित्त देनेवाले को प्रायश्चित्त लेना पडता हैं और प्रायश्चित्त का देनेवाला जिनराज की आज्ञा का भग करनेवाला होता है."**

આત્મા અને ગુરુની સાક્ષીએ કોઈ પણ જીવ પોતાનાં દુષ્કૃત્યોની નિંદા કરે તો જ પ્રાયશ્ચિત્ત આપી શકાય. આ સિદ્ધાંતના સમર્થનમાં લક્ષ્મણા સાધ્વીનું દૃષ્ટાંત આપતાં આચાર્યશ્રીએ દલીલ કરી કે—

**"तथा जब तक दूषण सेवनेवाला अपना दूषण कबूल न करे तब तक केवलज्ञानी भी तिस दूषणवाले को प्रायश्चित्त नहीं देते है. यह अधिकार लक्ष्मणा साध्वी के विषय में श्री महानिशीथसूत्र में हैं. जब दूषण कबूल करे बिना प्रत्यक्ष दूषण जाननेवाले केवलज्ञानी भी प्रायश्चित्त नहीं देते हैं, तो मैं छद्मस्य अल्पमति किस रीति से प्रायश्चित्त दे सकु ?"**

સંઘના એકેકે મુદ્દા અને સંઘમાં પ્રવર્તી રહેલી માન્યતાઓનો પ્રત્યુત્તર આપતાં, આચાર્યશ્રીએ, આગબોટમાં બેસવા તથા અનાર્ય દેશોમાં જવા માટે પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ એવી જે વિચારધારા પ્રવર્તતી હતી, તેનું ખંડન આ શબ્દોમાં કર્યું છે :

**"ऐसा कथन तो हमने किसी भी जैनशास्त्र में नहीं देखा ह तो फेर श्री जिनाज्ञा का उल्लंघन करके मैं किस तरें प्रायश्चित्त देउं ?"**

પરંતુ વિરોધનો વંટોળ એટલો બધો પ્રબળ હતો કે વધુ તાણતાં તૂટી જાય. સમાજની નાડ પારખીને આચાર્યશ્રીએ વ્યવહારને લક્ષમાં લઈ, શ્રી સંઘના સમાધાન અર્થે "શ્રી સંઘ કી આજ્ઞા સે વીરચંદ રાઘવજી શ્રી શત્રુંજય તીર્થ કી યાત્રા કરે તો શ્રી સંઘ બહુ આનંદિત હોગે ? ઐસી આજ્ઞા શ્રી સંઘ કી માનને સે શ્રી વીરચંદ રાઘવજી કી કૂછ હાનિ નહીં હૈ" એમ જણાવ્યું અને વિશેષમાં મુંબઈમાં બિરાજતા મુનિશ્રી મોહનલાલજી મહારાજને મળવા ફરમાવ્યું.

શ્રી સંઘને પૂ. આત્મારામજી મહારાજના પ્રત્યુત્તરથી સંતોષ ન થયો. મુનિશ્રી મોહનલાલજી મહારાજનું માર્ગદર્શન માગ્યું. મોહનલાલજી મહારાજ તો આ વાત જાણી દ્વિધામાં પડી ગયા. શ્રી વીરચંદભાઈ એમના વ્યક્તિત્વથી પ્રભાવિત થયા હતા અને જ્ઞાનગોષ્ઠિ માટે અવારનવાર એમનો સત્સંગ કરતા હતા, જ્યારે શ્રી સંઘ તો શ્રી વીરચંદભાઈ ઉપાશ્રયમાં પગ મૂકે તોપણ કોર્ટના દરવાજા ખખડાવા તૈયાર હતો.

આવે સમયે સમયસૂચકતા જ ખરેખરું કામ કરી જાય છે!

મોહનલાલજી મહારાજે પોતાની વ્યાખ્યાનમાળામાં 'સમય ઓળખો' વિષયને મહત્ત્વનું સ્થાન આપ્યું. ઉત્સર્પિણી અને અવસર્પિણી તેમજ અપવાદની તર્કબદ્ધ છણાવટ એમણે શરૂ કરી. જિનના ઉપાસકે કેવી રીતે રાગદ્વેષથી પર રહેવું જોઈએ એ વિષે સતત વાગ્ધારા વહાવી અને શ્રી વીરચંદ-ભાઈને ખાનગીમાં એ અરસામાં મુંબઈ ન આવવા જણાવ્યું.

કાળના અસ્ખલિત વહેતા પ્રવાહમાં ધીરે ધીરે આ વાત પણ સમાજના સ્મૃતિપટ પરથી લુપ્ત થતી ગઈ. એક દિવસ એવો ઊગ્યો કે શ્રી વીરચંભાઈને જિનેન્દ્ર ભગવાનની સ્નાત્રપૂજા ભણાવ્યા બાદ સમાજમાં સ્થાન મળ્યું !

## સ્વામી શ્રી વિવેકાનંદ અને શ્રી વીરચંદભાઈ ગાંધી

કાર્યક્ષેત્ર એક હોય અને સમકાલીન હોય તો સ્વાભાવિક કોઈ પણ બે મહાનુભાવોની સરખામણી કરવાનું મન થાય જ. વિદેશમાં જૈન ધર્મનો પરિચય કરાવવાનું માન જેમ શ્રી વીરચંદભાઈને ઘટે છે, તેમ વેદાંત તત્ત્વજ્ઞાનનો પાશ્ચાત્ય દેશોને પરિચય કરાવવાનો યશ સ્વામી શ્રી વિવેકાનંદને ફાળે જાય છે. સને ૧૮૯૩માં ચિકાગોમાં મળેલી વિશ્વધર્મ પરિષદમાં તેઓશ્રી અનુક્રમે જૈન ધર્મ અને વેદાન્ત તત્ત્વજ્ઞાનના પ્રતિનિધિ હતા.

વ્યક્તિત્વના ત્રણ ગુણો – કર્તવ્યનિષ્ઠા, પવિત્રતા અને સત્યતા. આ ત્રણે ગુણો બંને મહાનુભાવોએ પોતાના જીવનમાં વણી લીધા હતા. "હું મરીશ ત્યાં સુધી ખૂબ શાંતિ લીધા વગર કાર્ય કરીશ અને હું મરી ગયા પછી પણ જગતના હિત ખાતર કાર્ય કરીશ." – સ્વામી શ્રી વિવેકાનંદના આ શબ્દો આજે પણ આપણી સંસ્કૃતિ માટે દ્યોતકરૂપ છે, તો શ્રી વીરચંદભાઈના અકાળ અવસાનનું કારણ તો અતિશય કર્મપરાયણતા જ છે. એટલે એમની કર્તવ્યનિષ્ઠા વિષે વિશેષ લખવાનું પ્રાપ્ત થતું નથી; સમજી શકાય એવી બાબત છે. સ્વામી સંન્યાસી હોઈ પવિત્ર

હતા. મનની પવિત્રતા – જિગર – હૃદયનિષ્ઠતા ધરાવનારને જ તેઓ મનુષ્ય ગણતા, જ્યારે શ્રી વીરચંદભાઈ સંસારી હતા. શ્રાવક હોવા છતાંય એમનો સંસાર સાથેનો સંબંધ જળકમળવત્ હતો. વિદેશમાં પણ એમનું જીવન ધર્મચુસ્ત જૈનનું જીવન હતું, નિર્દોષ અન્નાહારી – શાકાહારી હતા; જે એ વખતની પ્રચલિત માન્યતા – વિદેશમાં જનાર ધર્મભ્રષ્ટ થાય છે – ને પડકારરૂપ હતું. એમની પવિત્રતાની પશ્ચિમના વિદ્વાનોએ મુક્તકંઠે પ્રશંસા કરી છે. જેમ સ્વામી વિવેકાનંદનું, તેમ શ્રી વીરચંદભાઈનું – પોતાના વિચારો સત્ય લાગે તો કદી પણ બહાર મૂકયા વિના તેઓ રહેતા નહીં, પછી ભલે સામે હજારો મનુષ્યો વિરુદ્ધમાં તેમના પર હુમલો કરે. બન્નેના સમયે જ્ઞાતિબંધન, ટૂંકી દૃષ્ટિ અને વિદેશયાત્રાનો વિરોધ છતાં બંને મહાનુભાવોએ ધર્મના પ્રચારાર્થે સાગર ખેડયા એથી વિશેષ સારું ઉદાહરણ આપણી સમક્ષ બીજું કયું હોઈ શકે ?

બંને તત્ત્વજ્ઞાનના પ્રખર અભ્યાસી હતા, બંનેમાં તુલનાત્મક અધ્યયનશક્તિ અને વિશાળ દૃષ્ટિ હતી. બંને યોગના અભ્યાસી હતા અને યોગની ક્રિયા–પ્રક્રિયા વિદેશીઓને સમજાવી, આર્ય સંસ્કૃતિનું હાર્દ સમજાવવામાં બંનેએ અથાક પરિશ્રમ લીધો હતો. વિદેશમાં તેઓ રહ્યા ત્યારે એકબીજાના પૂરક તરીકે રહ્યા. સ્વામી વિવેકાનંદને શ્રી વીરચંદભાઈની શક્તિ પર ખૂબ જ વિશ્વાસ હતો. તેઓ એક પત્રમાં જણાવે છે કે, "પૂનાની એક ખ્રિસ્તી બાઈ નામે મિસ સોરાબજી અને જૈનોના પ્રતિનિધિ મિ. ગાંધી આ દેશમાં

લાંબો સમય રહેવાનાં છે અને તે દરમિયાન એક શહેરથી બીજે શહેર એમ ભાષણો આપવાનાં છે, મને આશા છે કે તેઓ તેમાં વિજય મેળવશે.”

સ્વામી વિવેકાનંદ અને શ્રી વીરચંદભાઈ ગાંધી – બન્ને કરુણામૂર્તિ હતા. પોતાના દેશબાંધવો મુશ્કેલીમાં હોય ત્યારે તેઓને કેવું લાગી આવ્યું હતું એનો આપણને તો ઈ. સ. ૧૮૯૬–૯૭માં ભારતમાં પડેલા દુષ્કાળ અને એ સમયે તેઓએ લીધેલ શ્રમ પરથી જ ખ્યાલ આવે છે. સ્વામીજીએ ચોતરફ પરિભ્રમણ કરી માંદાની માવજત અને પીડિતોની સેવા કરી અને પીડિતોની સેવામાં જ એમણે પ્રભુને નિહાળ્યા. આ સત્ય એટલી હદ સુધી એમના મનમાં વસી ગયું હતું કે રાહતકાર્ય માટે આશ્રમનું મકાન વેચવું પડે તોપણ એમની તત્પરતા હતી. એ સમયે શ્રી વીરચંદભાઈ અમેરિકામાં હતા. જ્યારે એમને દુષ્કાળના સમાચાર મળ્યા, ત્યારે વિશ્વધર્મ પરિષદના પ્રમુખ સી. સી. બોનીના અધ્યક્ષપદે અને પોતાના મંત્રીપદે એક દુષ્કાળ રાહત સમિતિની સ્થાપના કરી. ચિકાગોની જનતાને દર્દભરી અપીલ કરતાં તાત્કાલિક રાહતનાં પગલાં તરીકે અન્ન ભરેલું વહાણ તુરત જ રવાના કરવામાં આવ્યું અને વિશેષમાં રાહતકાર્ય માટે ટહેલ નાખતાં ત્યાંની જનતાએ શ્રી વીરચંદભાઈની ઝોળી છલકાવી દીધી. લગભગ રૂપિયા ચાલીશ હજાર રોકડા દેશના વિવિધ ભાગોમાં રાહત અર્થે મોકલવામાં આવ્યા. આ બાબત શ્રી વીરચંદભાઈએ જ તા. ૧૯ જુલાઈ, ૧૮૯૭ના પત્રમાં ઉલ્લેખ કર્યો છે: “ઘણો પ્રયાસ કરી

અમે સાનફ્રાન્સિસ્કો શહેરથી એક સ્ટીમર ભરી મકાઈ કલકત્તે મોકલાવી છે. તે ગરીબ લોકોમાં ત્યાં વહેંચવામાં આવશે. આશરે ચાલીશ હજાર રૂપિયા રોકડા હિન્દુસ્તાનના જુદા જુદા ભાગમાં મોકલાવ્યા છે. થોડા દિવસમાં ઘણું કરીને મુંબઈમાં આપણા જૈન સંઘ ઉપર આશરે બે હજાર રૂપિયા મોકલાવીશું."

શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ બન્ને મહાનુભાવોની તુલના કરતાં લખે છે કે, "બન્ને ભારતનાં રત્નો, લોકપ્રિય વ્યાખ્યાનકાર અને અમેરિકાના શ્રોતાઓને આકર્ષનાર તથા પોતાના વિચારોની છાપ પાડનાર હતા. બન્ને સ્વદેશમાં ટૂંકાં જીવન ગાળી વિદેહ થયા – વિવેકાનંદ ૪૦ વર્ષની વયે ઈ. સ. ૧૯૦૨માં બેલૂરના મઠમાં અને વીરચંદ તેમની પહેલાં એક વર્ષે ઈ. સ. ૧૯૦૧માં ૩૭ વર્ષની ઉંમરે મુંબઈમાં."

સ્વામી વિવેકાનંદનો દેહવિલય થયો ત્યારે અમેરિકાના સુપ્રસિદ્ધ પત્ર "બેનર ઑફ લાઈટે" બન્નેની તુલના કરતાં લખ્યું હતું કે :

"તેઓ અભ્યાસમાં ઘણો સમય વ્યતીત કરતા, પરંતુ તેમની લેખનશક્તિમાં જેવી વિચારની નૂતનતા મરહૂમ જૈન તત્ત્વવેત્તા વીરચંદ રા. ગાંધી કે જેઓ આશરે એક વર્ષ ઉપર આ માનવ-ભૂમિનો ત્યાગ કરી ગયા છે તેમનામાં હતી તેવી (સ્વામી વિવેકાનંદમાં) નહોતી. આ ઉભય સત્પુરુષોની જરૂર બન્ને ખંડ ઉપર હતી અને ખરેખર તેઓની ખોટ પણ જણાશે જ."

"આ બન્ને ભારતનાં ઉત્તમ રત્નો માટે કહી શકાય તેમ છે કે :

(૧) વિવિધ ધર્મોની ચર્ચા અર્થે ચિકાગોમાં ૧૮૯૩માં ભરાયેલી ધર્મ પરિષદ સમયની બન્નેની કૃતિ અદ્યાપિ હજારો લોકોની પ્રશંસાનો વિષય છે.

(૨) બન્ને લોકપ્રિય વ્યાખ્યાનકાર હતા અને અમેરિકામાં શ્રોતાઓ તરફથી તેમના સંબંધમાં ઘણાં સ્તુતિ-વચનો શ્રવણે પડતાં હતાં.

(૩) જે લોકો તેમનાં ભાષણો સાંભળતા તેઓ તેમના સિદ્ધાંતોને પ્રીતિથી સ્વીકારતા અને જેઓ તે સિદ્ધાંતોનો યથાર્થ નિર્ણય કરવા વિચાર કરતા તેઓના મન ઉપર તેમના વિચારોની છાપ અદ્યાપિ પર્યંત રહેલી છે.

(૪) બન્નેનાં જીવન ટૂંકાં હતાં – વિવેકાનંદ ૪૦ વર્ષની વયે અને વીરચંદ ૩૭ વર્ષની વયે સ્વર્ગસ્થ થયા. બન્ને વધારે જીવ્યા હોત તો પોતાના ભવિષ્યના સમયનો વધારે સારો જ ઉપયોગ કરત.

(૫) બન્ને સ્વભૂમિ હિન્દુસ્તાનમાં જ વિદેહ કૈવલ્ય થયા છે. વિવેકાનંદ બેલૂરના મઠ ખાતે ઈ. સ. ૧૯૦૨માં અને વીરચંદ ઈ. સ. ૧૯૦૧માં મુંબઈમાં.

(૬) સ્વામી વિવેકાનંદના વિચારોની પ્રબળ અસર તેમના શિષ્યમંડળે (અભેદાનંદ આદિ) રામકૃષ્ણ સોસાયટી

આદિ અનેક સંસ્થાઓ સ્થાપી જ્વલંત અને ચિરસ્થાયી રાખી છે, જ્યારે અતિ શોકનો વિષય છે કે સ્વ. વીરચંદના વિચારોની પ્રબળ અસર કોઈ પણ જૈન તરફથી જારી રહી નથી, એટલું જ નહિ પરંતુ વીરચંદભાઈનું નામ કે નિશાન રાખવા કંઈ પણ પ્રયત્ન કરવામાં આવ્યો નથી. આનું નામ 'નગુણાપણું" નહીં ?"

સૌથી વિશેષ આપણને આકર્ષે એવી બાબત તે તેઓના વિચારોમાં રહેલી સામ્યતા છે. ભિન્ન ભિન્ન ધર્મના પ્રચારકો છતાં વિચારસરણીમાં તેઓ બન્ને વચ્ચે ઘણી સમાનતા હતી. એકાદ ઉદાહરણ જોઈએ. સમાજસુધારકોએ હંમેશાં જ્ઞાતિ-પ્રથાને દોષિત ઠરાવી છે એ હકીકતમાં ભૂલ છે. આ બાબત બન્ને વ્યક્તિઓ પોતપોતાની આગવી રીતે આલેખે છે :

"બુદ્ધથી માંડીને રાજા રામમોહનરાય સુધીના પ્રત્યેક સુધારકે જ્ઞાતિબંધનને ધાર્મિક સંસ્થા ગણવાની ભૂલ કરી છે, અને જ્ઞાતિબંધનોને તોડી પાડવાનો પ્રયત્ન કર્યો છે...."

"જ્ઞાતિ એ ધાર્મિક સંસ્થા નથી. ધર્માચાર્યોની બધી ધર્મઘેલછાઓ અસ્તિત્વમાં હતી તે છતાં જ્ઞાતિ એ ફક્ત ઘણા સમયથી જામીને દઢ થયેલી સામાજિક સંસ્થા છે; તે સંસ્થાએ પોતાની સેવા બજાવ્યા પછી હિંદના વાતાવરણને પોતાના અક્કડપણાથી વ્યાપ્ત કર્યું છે. અને તેને દૂર કરવાનો ફક્ત એક જ ઉપાય, ફક્ત તેઓએ લોકોને ખોયેલું સામાજિક વ્યક્તિત્વ પાછું આપવું, એ જ છે."

શ્રી વીરચંદભાઈ પણ આ જ બાબતને જરા જુદી રીતે ઘટાવે છે.' 'An unknown Life of Jesus Christ'ની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવનામાં પ્રાચીન ભારતનો અન્ય રાષ્ટ્રો સાથે સંબંધ – વ્યાપાર, કલા, સાહિત્ય અને ધર્મ – વગેરે વિવિધ દૃષ્ટિએ આલેખતાં જ્ઞાતિપ્રથા વિષે તેઓ લખે છે કે, "હાલમાં જે ધોરણે જ્ઞાતિપ્રથા અસ્તિત્વમાં છે તેની હું તરફેણ કરતો નથી, પરંતુ પંજાબ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. લીટનર (Dr. Leitner)ની માફક મને પ્રતીતિ થઈ છે કે જ્ઞાતિપ્રથાને એના મૂળ સ્વરૂપે જાળવી રાખવામાં ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને કળા અને ઉદ્યોગ સાથેના અદ્વિતીય સંસ્કારની જાળવણી છે, જે આધુનિક જરૂરિયાતો અને મહત્ત્વાકાંક્ષાની સંપૂર્ણ સ્પર્ધા કરી શકે એમ છે."

જેમ સ્વામી વિવેકાનંદની શિષ્યા ભગિની નિવેદિતા હતાં, તેમ શ્રી વીરચંદભાઈનાં હસ્તદીક્ષિત મિસિસ હાવર્ડ હતાં.

## એશિયાના પ્રતિનિધિ તરીકે આંતરરાષ્ટ્રીય વાણિજ્ય પરિષદમાં

ઈ. સ. ૧૮૯૯માં મળેલી આંતરરાષ્ટ્રીય વાણિજ્ય પરિષદમાં શ્રી વીરચંદભાઈએ સમગ્ર એશિયાના પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી. એમના આ પરિષદનાં કાર્ય વિષે નોંધ આપતાં એક અગ્રગણ્ય વર્તમાનપત્ર લખે છે : "પાંત્રીસ કરોડની વસતિ ધરાવતા એશિયાનું પ્રતિનિધિત્વ ભારતના શ્રી વીરચંદભાઈ રાઘવજી ગાંધીએ કર્યું, જેણે આપણી પોસ્ટ પાર્સલ પદ્ધતિ સુધારવા, વિસ્તૃત કરવા અને એનો

વિકાસ કરવા સૂચવ્યું – જેથી વિશ્વના દરેક દેશને તેમાં સમાવી શકાય. એ વસ્તુ સમજાવી એમણે આપણી આંખો ખોલી અને આપણને ફરીથી યાદ આપ્યું કે આપણે જે જરૂર છે તે વિસ્તૃત અને સંપૂર્ણ વાણિજ્યનું શિક્ષણ આપવાની છે.”

## અનુયાયીઓ અને વિદેશી મિત્રો

**(૧) મિસિસ હાવર્ડ :** સ્વામી વિવેકાનંદની શિષ્યા જેમ ભગિની નિવેદિતા હતાં તેમ શ્રી વીરચંદભાઈનાં હસ્ત-દીક્ષિત શ્રીમતી હાવર્ડ હતાં. તેઓ શુદ્ધ શાકાહારી અને ચુસ્ત જૈનધર્મી થયાં એનું કારણ શ્રી વીરચંદભાઈનો સત્સંગ થયો એ હતું.

શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાએ શ્રી વીરચંદભાઈ ગાંધીની અમેરિકાની કાર્યવાહીની નોંધ પોતાની ડાયરીમાં કરી છે. તેઓ નોંધે છે તેમ, “અમેરિકાથી પાછા ફર્યા બાદ શ્રી ગાંધીને હું અજમેરમાં મળ્યો. ત્યાં અમે બન્ને ભાષણ આપવા માટે ગયા હતા. આ મુલાકાતમાં ગાંધીએ મને ચિકાગોના ટપાલ ખાતાના એક ઉચ્ચ અધિકારીનો પત્ર બતાવ્યો, જેમાં લખ્યું હતું કે, ‘ગાંધીના બતાવેલ વિધિ પ્રમાણે નવકાર મંત્રનો જાપ કરવાથી માથાનો દુઃખાવો દૂર થયો હતો. તે કોઈ ભૂલથી ફરીથી શરૂ થયો છે. તો યોગ્ય સૂચના આપશો.” મંત્રના ચમત્કાર વિષે શંકા ધરાવનાર માટે આ અનુપમ ઉદાહરણ છે!

વધુમાં શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા લખે છે : “શ્રી ગાંધીએ

મને એ વખતે એક અમેરિકન બહેનનો ફોટો બતાવ્યો (સંભવતઃ મિસિસ હાવર્ડનો), જે ભારતીય સ્વાંગમાં ઉન્ન આસન પર (કટાસણા પર) બેસી, મુહપત્તી હાથમાં રાખીને સામાયિક કરી રહી હતી. સ્થાપનાચાર્ય સામે હતા. હાથમાં માળા હતી. શ્રી ગાંધીએ મને જણાવ્યું કે, શ્રી વિજયાનંદ-સૂરિની વિશેષ સૂચનાઓ અનુસાર એક માસ સુધી નવકાર મંત્રનો જાપ કરવાથી એ બહેનને જાતિ-સ્મરણ જ્ઞાન (પૂર્વ-ભવનું જ્ઞાન) થયું હતું અને ભારતમાંના પોતાના પૂર્વભવની કેટલીય વાતો કહી હતી."

ચિકાગોમાં 'સોસાયટી ફોર ધી એજ્યુકેશન ઑફ વીમેન ઑફ ઇન્ડિયા' નામની સંસ્થા તેમણે સ્થાપી હતી, જેના મંત્રી તરીકે મિસિસ હાવર્ડ હતાં, જે અંગેની વિશેષ વિગત શ્રી વીરચંદભાઈનું કેળવણી યુગના સ્વપ્નદ્રષ્ટા તરીકે મૂલ્યાંકન કરતાં આગળ ઉપર આપી છે.

**(૨) હર્બર્ટ વૉરન (Herbert Warren) :** શ્રી વીરચંદભાઈની હસ્તદીક્ષિત આ ઉમદા વ્યક્તિને 'આદર્શ જૈન'ના ઉદાહરણરૂપ ગણાવી શકાય.

શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ લખે છે તેમ, "માંસાહારનો સર્વથા ત્યાગ, જૈન વ્રતોનું મર્યાદાપૂર્ણ સત્ય રીતે અંતઃકરણપૂર્વક ગ્રહણ, જૈન તત્ત્વજ્ઞાનમાં સંપૂર્ણ અને તર્કયુક્ત શ્રદ્ધા, સ્વાધ્યાયમગ્નતા વગેરે સર્વ ગુણોનું મિશ્રણ એક અંગ્રેજ ગૃહસ્થમાં જોવું એ ખરેખર આનંદ-દાયક બનાવે છે."

શ્રી વીરચંદભાઈએ ઈંગ્લેન્ડમાં 'Philosophical Society' નામની સંસ્થા સ્થાપી હતી. આ સંસ્થા દ્વારા એમણે જૈન ધર્મ, હિન્દુ યોગ તેમજ બૌદ્ધ તત્ત્વજ્ઞાન વિષે તુલનાત્મક જ્ઞાન આપી શકાય એ માટે વર્ગો ચલાવ્યા હતા, ત્યારે શ્રી હર્બર્ટ વૉરન એક વિદ્યાર્થી હતા તેમણે ત્યારથી શ્રી વીરચંદભાઈનાં પ્રવચનોની નોંધ રાખી હતી અને આ રીતે જેટલું ગ્રહણ કર્યું એ જ શ્રી વૉરનને જૈન ધર્મમાં શ્રદ્ધાશીલ રાખવા સમર્થ હતું. આ પ્રવચનોની નોંધ પરથી એમણે 'Jainism' નામનું તૈયાર કરેલું પુસ્તક પ્રગટ થયું હતું. પંડિત ફતેહચંદ લાલને આ પુસ્તકને આશીર્વચન લખી આપ્યાં છે.

વીરચંદભાઈના દેહવિલય પછી ઉપરોક્ત સંસ્થા બંધ પડી. પરંતુ આ ગૃહસ્થ જિજ્ઞાસુ હતા અને કોઈ પણ તત્ત્વની બાબત એમના મનનું સમાધાન ન થાય ત્યારે તેમણે જૈન ધર્મના ભારતીય તત્ત્વજ્ઞો સાથે પત્રવ્યવહાર કરી, પોતાની શંકાઓને નિર્મૂળ કરી હતી. આ રીતે એમને પંડિત લાલન, શ્રી હીરાલાલ ઝવેરી, શ્રી ગોવિંદજી મૂળજી મહેવાણી, શ્રી મકનજી જૂઠાભાઈ મહેતા સાથે પત્રવ્યવહાર હતો.

વીરચંદભાઈએ બતાવેલા જૈન ધર્મના આદર્શોને પોતાના દેશબાંધવો કેમ સમજી શકે અને જૈન ધર્મનો બહોળો પ્રચાર કેમ થાય એ જોવા તેઓ આતુર હતા. આથી એમણે લંડનમાં 'Jaina Literature Society'ની સ્થાપના કરી. એ સંસ્થા દ્વારા એમણે અંગ્રેજ વિદ્વાનોના

હાથે, સંશોધિત અને વિવેચનાત્મક જૈન ગ્રંથો, અંગ્રેજી ભાષામાં તૈયાર કરાવી, પ્રગટ કરવાનું કાર્ય હાથ ધર્યું હતું. 'જૈન જીવન' અમલમાં મૂકી શકાય એ માટે એમણે 'Mahavira Brotherhood' અથવા 'Univesal Faternity' નામની સંસ્થા સ્થાપી હતી.

શ્રી વીરચંદભાઈના પ્રબળ પ્રયત્નોની આ યાદગીરી છે!

**(૩) પ્રેસિડન્ટ ચાર્લ્સ સી. બોની (President C. C. Bonney) :** ચિકાગો વિશ્વધર્મ પરિષદનો આદર્શ, કલ્પના, વ્યવસ્થા અને સફળતા આ વ્યક્તિને આભારી હતી. એમણે ઈ. સ. ૧૮૮૯માં આ યોજનાની કલ્પના કરી અને ઈ. સ. ૧૮૯૩માં એને મૂર્ત સ્વરૂપ આપ્યું. તેઓ પરિષદના પ્રમુખ હતા.

વીરચંદભાઈ સાથે તેઓ ગાઢ પરિચયમાં હતા. ભારત માટે એમને ખૂબ લાગણી અને સહાનુભૂતિ હતી. ઈ. સ. ૧૮૯૬–૯૭માં -ભારતમાં જ્યારે દુષ્કાળ પડ્યો ત્યારે શ્રી વીરચંદભાઈએ અમેરિકામાં 'દુકાળ રાહત સમિતિ'ની સ્થાપના કરી અને પ્રેસિડન્ટ સી. સી. બોનીનો આ સમિતિના પ્રમુખ તરીકે સહકાર લીધો. આ સમિતિ દ્વારા તાત્કાલિક રાહત માટે અનાજ ભરેલી સ્ટીમર અને લગભગ રૂપિયા ચાલીસ હજાર રોકડા દેશના જુદા જુદા ભાગોમાં મોકલવામાં આવ્યા હતા.

**(૪) ડો. જોન હેનરી બરોઝ (Dr. John Henry Barrows)** : ઈ. સ. ૧૮૯૩ની ચિકાગો વિશ્વધર્મ પરિષદના તેઓ મંત્રી હતા અને એ પરિષદમાં વીરચંદ-

ભાઈએ સૌમ્યતાપૂર્વક હિન્દુ ધર્મનો બચાવ કર્યો અને પરિષદનું ગૌરવ જાળવી રાખ્યું એથી પ્રભાવિત થયા હતા.

વીરચંદભાઈ પરિષદની પૂર્ણાહુતિ બાદ વિદેશમાં ધર્મ પ્રચારાર્થે રહ્યા ત્યારે ડૉ. જોને તેમનું નિવાસસ્થાન ખાલી કરી આપ્યું હતું !

**(૫) વિલિયમ પાઈપ (William Pipe) :** વિશ્વધર્મ પરિષદના તેઓ સહમંત્રી હતા. વીરચંદભાઈની પ્રવૃત્તિના તેઓ પ્રશંસક હોવા ઉપરાંત તેમને સહાયભૂત થવા હંમેશાં પ્રયત્નો કરતા.

અમેરિકામાં વીરચંદભાઈએ સ્થાપેલી 'School of Oriental Philosopby' અને 'Esoteric Studies'ના વર્ગો વીરચંદભાઈ, વિલિયિમ પાઈપની જાત-દેખરેખ નીચે ચલાવતા હતા.

## હિપ્નોટીઝમ અને શ્રી વીરચંદ ગાંધી

મહાત્મા ભગવાનદીને 'મેરે સાથી' પુસ્તકમાં આ વિશે ઉલ્લેખ ન કર્યો હોત તો આ અંગે કયાંય માહિતી મળવી મુશ્કેલી બનત. એમણે લખ્યું છે કે, 'શ્રી વીરચંદ ગાંધી ૧૯મી સદીમાં જન્મ્યા હતા, ત્યારે ભારત ગુલામ થયાને ૩૭ વર્ષ જ થયાં હતાં અને ત્યારે આ દેશમાં એવી કેટલીક વ્યક્તિઓ હતી, જેમને ગુલામીનો સ્પર્શ પણ થયો ન હતો. આવી વ્યક્તિઓ પૈકી શ્રી વીરચંદભાઈએ અમેરિકામાં જાહેર કર્યું કે હિપ્નોટીઝમ નામે ઓળખાતી વિદ્યાને જન્મ આપનાર ભારત છે!

અહાહા ! તે વખતે શ્રી વીરચંદ ગાંધીથી લોકો કેટલા બધા પ્રભાવિત થયા હશે ! મેસોનિક ટેમ્પલમાં હિપ્નોટીઝમ પર પ્રવચન આપતાં તેમણે કહ્યું, કે બત્તીઓ બંધ કરી દો અને માત્ર આછું જ અજવાળું રહેવા દો. એમ થતાં જ સફેદ વસ્ત્રમાં પરિધાન થયેલા એ ભારતીયના શરીરમાંથી એક તેજરાશિ ચમકવા લાગી, અને એમની સફેદ પાઘડી તો એવી ઝબકારા મારતી હતી કે જાણે ગાંધીના ચહેરા પાછળ કોઈ સૂરજ ચમકી રહ્યો ન હોય ! !

## રક્ષણીય કરનું સમાધાન

એ તો એક સુવિદિત ઐતિહાસિક હકીકત છે કે શત્રુંજય પર્વત શ્વેતામ્બર જૈનોના કબજામાં સમ્રાટ અકબર અને નગરશેઠ શ્રી શાંતિદાસના સમયથી હતો. આમ છતાં તે બાદશાહ અને તેના પછી આવેલ જહાંગીર, શાહજહાનાદિ બાદશાહોએ તામ્રપત્ર પર આપેલ ફરમાનોનો ઉપયોગ વેળાસર નહિ થવાથી, તેના પરની હકૂમત પાલિતાણાના નામદાર દરબારશ્રીના હાથમાં આવી. આ વખતે પાલિતાણાના ઠાકોર સૂરસિંહજીએ શત્રુંજય તીર્થની યાત્રાએ જનાર શ્વેતામ્બર જૈન યાત્રાળુઓ પર કર નાખવા સંબંધે ગોઠવણ કરી. અંતે પર્વતનું સંરક્ષણ કરવા માટે કરનો ઉપયોગ છે તેમ જણાવી પ્રત્યેક યાત્રાળુ દીઠ બે રૂપિયાનો રક્ષણીય કર નાખવામાં આવ્યો. આ રીતિ ઘણી અગવડભરી અને આ કર ઘણો ત્રાસદાયક હતો.

શત્રુંજય પર્વત પાસેના સૂરજકુંડ નજદીક શ્રી ઋષભદેવ ભગવાનની પાદુકા સ્થાપિત હતી. તે કોઈ

વિઘ્નસંતોષીએ તા. ૭–૬–૧૮૮૫ના રોજ ખોદી કાઢી અને તા. ૧૯–૬–૧૮૮૫ના રોજ ગૂમ થઈ. ત્યાંના બ્રાહ્મણોએ આ પાદુકા ગુરુ દત્તાત્રયની હતી અને શ્રાવકોએ ખોદી લઈ ગૂમ કરી છે એવી ફરિયાદ કરી (કે એવી ફરિયાદ કરાવવામાં આવી ? !) આથી તે તીર્થના શ્રાવકોએ રાખેલ નોકરોને માર મારી પકડવામાં આવ્યા. આ સંબંધી ગવર્નર તરફ અને બીજે તાર કરવામાં આવ્યા. તા. ૧૮–૭–૧૮૮૫ના રોજ પૂનામાં ગવર્નર લૉર્ડ રેને, આ પાલિતાણાના જુલમ-કેસ સંબંધે, જૈનોનું એક પ્રતિનિધિમંડળ મળ્યું. ત્યાર બાદ સોનગઢના આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ કપ્તાન ફોરહાઈસ દ્વારા એકપક્ષીય તપાસ થઈ તેની સામે વાંધો ઉઠાવવામાં આવ્યો. પછી સરકારશ્રી તરફથી એમ નક્કી થયું કે પાલિતાણા દરબારશ્રી તરફથી જૈન નોકરો ઉપરના જુલમનો નિર્ણય કરવા સોનગઢ મુકામે તપાસ થશે, અને જૈન નોકરો ઉપર, પાલિતાણા કોર્ટમાં દાખલ થયેલ કેસ પણ આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટની કોર્ટમાં લઈ જવો. આથી પાલિતાણાના નામદાર દરબારશ્રી મહાબળેશ્વર ગવર્નરને અરજી કરવા ગયા. એટલે વીરચંદભાઈ તથા અન્ય જૈન આગેવાનો ગવર્નર પાસે ગયા. એ અરસામાં વિક્રમ સંવત ૧૯૪૨ના કારતક વદ ૩ના રોજ પાલિતાણાના ઠાકોર શ્રી સુરસિંહજી અવસાન પામ્યા. એટલે આ જુલમ-કેસ બંધ રહ્યો.

પાલિતાણાના ઠાકોર શ્રી સુરસિંહજીની જગ્યાએ ઠાકોર માનસિંહજી ગાદી પર આવ્યા, અને વીરચંદભાઈએ અથાક મહેનત લઈ રક્ષણીય કરનું નીચે મુજબ સમાધાન લાવ્યા :

આ મહાન પ્રયાસથી ઠાકોરસાહેબ શ્રી માનસિંહજી અને જૈન સંઘ વચ્ચે એવો કરાર થયો કે,

(૧) રૂપિયા બેનો યાત્રાળુ દીઠ વેરો કાઢી નાખવો અને પ્રતિવર્ષ ઠાકોરને તે માટે જૈનો રૂ. ૧૫,૦૦૦ અંકે રૂપિયા પંદર હજાર ઉચક આપે.

(૨) આ ગોઠવણ સને ૧૮૮૬ના એપ્રિલથી ૪૦ વર્ષ સુધી કાયમ રાખવી.

(૩) ૪૦ વર્ષની આખરે ઉપરોક્ત ઉચક રકમમાં ફેરફાર કરવાને બન્ને બાજુએ છૂટ રાખવામાં આવી. બન્ને બાજુની દલીલો ધ્યાનમાં લીધા પછી એ ફેરફાર મંજૂર અથવા નામંજૂર કરવાનું કામ બ્રિટિશ સરકારના હાથમાં રહેશે.

આ પ્રમાણે વીરચંદભાઈએ પોતાની પ્રભાવશાળી કર્તૃત્વશક્તિનો પરિચય આપ્યો.

આ વખતે કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કર્નલ વોટ્સન (પાછળથી જેને એજન્ટ ટુ ધ ગવર્નર કહેવામાં આવતા) હતા.

## સમેતશિખર પર ચરબીના કારખાના અંગે

વર્તમાન ચોવીસીના વીસ તીર્થંકરો સિદ્ધિપદ પામ્યા છે એ કારણે સમેતશિખરની તીર્થ તરીકે વિશેષ મહત્તા છે. એ વખતના બંગાળના હજારીબાગ જિલ્લાના પાલગંજ ગામનો રાજા પારસસિંગ હતો. તે રાજ્યની સરહદમાં મધુવન અને સમેતશિખરજીનો પર્વત આવેલો છે. પાલિતાણામાં શત્રુંજય તીર્થ ઉપર ચોખા વગેરે ચડાવવાની વસ્તુઓ ભાટ

લોકો લઈ જતા, તેમ આ તીર્થ ઉપરથી રાજાને લઈ જવાનો અગાઉ રિવાજ હતો. તે બદલ તેમ જ તીર્થના રક્ષણ બદલ રૂા. ૧,૫૦૦ તેને સંઘ તરફથી આપવામાં આવતા હતા. બાદશાહના વખતથી પણ આ તીર્થની માલિકી જૈનોની જ હતી. પરંતુ દેખરેખ અને સારસંભાળ તથા હક્ક જાળવવાના પ્રયત્નો વગેરેમાં ખામી રહેવાથી તે હક્ક ડૂબી ગયો હતો, અને ત્યાંનો રાજા પહાડ ઉપર થતાં ઘાસ, લાકડાં તથા હરડા વગેરે વનસ્પતિની ઊપજ પણ લેતો હતો.

વિક્રમ સંવત ૧૯૪૨ના અરસામાં ત્યાંના રાજાએ પહાડને લગતી થોડીક જમીન એક બેડમ નામના અંગ્રેજને ચા રોપવા પટ્ટેથી આપી. ચાર-પાંચ વર્ષ ચાનો બગીચો ખીલવ્યા બાદ ડુંગર ઉપર ડુક્કરની બેસુમાર વસતિ તેની નજરમાં આવી અને આ જગ્યામાં તેણે ડુક્કરોની ચરબી કાઢવાનું કારખાનું ઊભું કર્યું. એ કારખાનું આપણા યાત્રાસ્થળથી બે-ત્રણ માઈલ દૂર હતું. પરંતુ સમેત-શિખરજી ફરતી બાર ગાઉની પ્રદક્ષિણાના રસ્તામાં આવતું હતું. એમાં સંહાર થતાં ડુક્કરોની ચીસો ઉપર શ્રી ચંદ્ર-પ્રભુજી ભગવાનની ટૂકે તેમ જ નીચે આવેલી ધર્મશાળામાં સંભળાતી હતી. આવી પશુઓની કતલ જોઈને અને તેની દર્દભરી ચીસો સાંભળીને લગ્નના માંડવેથી ગૃહત્યાગ કરનાર ભગવાન અરિષ્ઠનેમિ (ભ. નેમિનાથજી)ના અનુયાયીઓ કેમ શાંત બેસી શકે? શ્રી સંઘના આગેવાનોએ હજારીબાગ જિલ્લાના કમિશ્નર પાસે ફરિયાદ કરી, પરંતુ "કોઈ પણ

પ્રકારના વ્યાપારની બાબતમાં અમે વચ્ચે પડી શકતા નથી'' એવી નોંધ સાથે ફરિયાદ કાઢી નાખવામાં આવી.

આથી પરગણાની કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી અને પ્રસ્તુત કારખાના સામે મનાઈ હુકમ મેળવવામાં આવ્યો. પણ ન્યાયાલયમાં આ મુકદ્દમાનો ચુકાદો જૈન સમાજની વિરુદ્ધ આવ્યો. પરિણામે હાઈકોર્ટનો આશરો લીધો. આ મુકદ્દમાનો સઘળો ખર્ચ કલકત્તાના શ્રીમંત બાબુસાહેબ બદ્રીપ્રસાદજીએ ભોગવ્યો.

હાઈકોર્ટને કરેલી અપીલમાં ચરિત્રનાયક વીરચંદ-ભાઈની સહાય લેવામાં આવી. મુશ્કેલી એ હતી કે પ્રાથમિક પુરાવા પરગણાની કોર્ટમાં દાખલ કરવામાં આવ્યા ન હતા. બીજું સ્થાનિક ભાષામાં રહેલાં પત્રો, શિલાલેખો અને તામ્રપત્રો પુરાવા રૂપે રજૂ કરવાનાં હતાં. આ માટે વીર-ચંદભાઈ કલકત્તા ગયા. બંગાળી ભાષાનો અભ્યાસ કર્યો અને પત્રો, શિલાલેખો તેમજ તામ્રપત્રોની નકલો રજૂ કરી તેમજ એનો અંગ્રેજી ભાષામાં અનુવાદ કરીને સમેતશિખર પર્વતનો માલિકીહક્ક સાબિત કર્યો. સ્પષ્ટ અને સુંદર રજૂઆતના કારણે, ચુકાદો જૈન સંઘની તરફેણમાં આવ્યો. તીર્થની રક્ષાનું બીજું મહત્ત્વનું કાર્ય આ રીતે ચરિત્રનાયકે પાર પાડ્યું, અને શ્રી જૈન એસોસિયેશન ઓફ ઇન્ડિયાના મંત્રી તરીકે એ સંસ્થાના ઉદ્દેશોને કાર્યાન્વિત કરવામાં તેઓશ્રી નિમિત્ત બન્યા.

## વીરચંદભાઈના પત્રો

વીરચંદભાઈના પત્રો બહુ ઓછા ઉપલબ્ધ છે. એ પૈકી થોડાક શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સંગ્રહાલયમાં છે. એમના કુટુંબીજનોએ ઈ. સ. ૧૯૬૪માં એમના જન્મ-શતાબ્દી વર્ષમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયને એમનું અપ્રગટ સાહિત્ય કાસ્કેટ, મેડલ વગેરે સોંપ્યું ત્યારે એમના પત્રો પણ સાથે હતા. આ ઉપરાંત શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના મુખપત્ર 'જૈન યુગ'માં પણ બે-ત્રણ પત્રો પ્રગટ થયાનું મને સ્મરણ છે.

એમના જીવનનું ઊજળું પાસું છે, સાહિત્ય. એમના જીવનની વ્યંજનાશક્તિ છે સાહિત્યમાં! તેઓ તત્ત્વજ્ઞ હતા, પણ સાથોસાથ રસજ્ઞ હતા. પાદપૂર્તિ બનાવતા, સાહિત્ય-ચર્ચા કરતા, એમના મિત્રોએ બનાવેલી કવિતા માટે માર્ગ-દર્શન આપતા. આ બધું એમના મિત્ર સાથેના પત્રવ્યવહારમાં સ્ફુટ થાય છે. પત્ર દ્વારા એમણે કરેલી સાહિત્યની ઉપાસના આપણને શીખવી જાય છે કે પત્રોમાં કેટલું સામર્થ્ય છે, પત્રો પણ સાહિત્યનું સ્વરૂપ પામી શકે છે. સાહિત્યનું અવિભાજ્ય અંગ છે!

એ લોકોની સાહિત્યરસિક સ્નેહાળ મિત્રોની ત્રિપુટી – શ્રી ભગવાનદાસ દુર્લભદાસ પારેખ, શ્રી મૂળચંદ નથુભાઈ અને વીરચંદભાઈ ત્રણેયને એકબીજા પર અપાર સ્નેહ! એકનો પત્ર ન આવે અગર જરા વહેલોમોડો આવે તો કેટલા વ્યાકુળ થઈ જતા! મિત્રસ્નેહનું સુભગ દર્શન આ

પત્રોનો આત્મા આપણને કરાવે છે. વીરચંદભાઈએ તા. ૨૩–૩–૧૮૮૭ના પત્રમાં શ્રી મણિલાલ મોહનલાલનો પત્ર ન આવતાં બે અન્યોક્તિઓ લખી, ટિપ્પણ લખેલી. તેમાંથી એક જોઈએ :

(ઇન્દ્રવજ્રા)

શા સારુ દોડે ભલી એ હરિણી,
પાણી નથી, ઝાંઝવું જો નિહાળી;
ભોળાઈથી દુઃખી બહુ થવાશે,
લોકો મહીં મૂરખ તું વદાશે!

ટિપ્પણમાં લખ્યું : "કોને, કેવી રીતે ઉપરની અન્યોક્તિઓ લાગુ પાડવી તે તમારું અંતઃકરણ હમણાં નહીં કહે તો કેટલોએક વખત પછી કહેશે."

ભગવાનદાસ પારેખ કવિતાઓ લખતા અને વીરચંદભાઈને મોકલતા. એ પર વિવેચન દ્વારા માર્ગદર્શન માગતા અને પ્રત્યુત્તરમાં પોતાની સમજણ પ્રમાણે ચર્ચા કરતા. ભગવાનદાસ પારેખ નવરસ વિષે જાણે ખરા, પણ તેના પેટા પ્રકાર આદિમાં ખાસ સમજણ નહીં. તેમના એક કાવ્ય વિષે જ્યારે વીરચંદભાઈએ એનો રસ વિપ્રલંભ શૃંગાર કહેવાય અને એની સમજણ આપી ત્યારે અને ત્યાર પછીના પત્ર દ્વારા તેઓ રસ વિષે વિશેષ જ્ઞાતા થયા. તા. ૩૦–૧–૧૮૮૭ના પત્રમાં ભગવાનદાસ સ્પષ્ટપણે લખે છે :

"તેમાં વળી શૃંગાર રસના પેટા ભાગિયા ગણાવી તે કવિતા વિપ્રલંભ-શૃંગારમાં બની છે એમ લખ્યું તો તેનું

જાણવું જે તે તો યોગ્ય લખ્યું હશે જ. પરંતુ હું નવરસ સિવાય તેના પેટા ભાગથી તદ્દન અજાણ્યો છું, કારણ મેં કોઈ પાસે તે રચના શીખી નથી જેથી મને અંગની તથા વિપ્રલંભ શૃંગારની તથા તેની દશાની સૂઝ પડી.” એ જ પત્રમાં લખ્યું કે, ‘સંભોગ-શૃંગાર કોને કહે (તેની મને ઝાંખી ખબર છે) તેની મને પૂરણ ખબર નથી. તો હવે જેમ આને (વિપ્રલંભ-શૃંગાર) માટે જેમ દશા તથા અવસ્થા વર્ણવી તેમ જ તે માટે મને જણાવશો.” વીરચંદભાઈ તો તૃષાતુર હોઈ, એની ક્ષુધા–પ્યાસ છિપાવવા હંમેશાં તત્પર. જવાબમાં શ્લોક લખી મોકલ્યો. એનું વિવેચન કરતાં જણાવ્યું....નાયક–નાયિકાનું પરસ્પર જોવું, વાતચીત કરવી, બાગબગીચામાં ફરવું, પુષ્પો એકઠાં કરવાં, જળક્રીડા કરવી, મધુપાન કરવું, તાંબુલ ગ્રહણ કરવું, સુરત-સુખનો અનુભવ લેવો વગેરેનો જે અનુભવ કરે છે અને વળી પૂર્ણ રીતે આનંદિત મનથી; તે સર્વે સંભોગ-શૃંગાર કહેવાય છે.”

આ તો થઈ એમની સાહિત્યચર્ચાની વાત. તેઓ કવિ હતા કે નહિ એનો નિર્ણય કરવાનું બાજુ પર રાખી એમના પત્રો ઉપરથી એટલું તો અવશ્ય કહી શકાય કે તેઓ કવિહૃદયી હતા. શ્રી ભગવાનદાસે, ‘લાગે અતિ શરકરા સમ તેહ મીઠી !’ વસંતતિલકા છંદમાં પંક્તિ બનાવી પાદપૂર્તિ કરવા માટે વીરચંદભાઈને જણાવ્યું. એમના મિત્ર મૂળચંદભાઈએ ચાર કડી બનાવી અને શ્રી વીરચંદભાઈએ ૭ કડી બનાવી હતી. હાલ આ પત્રમાંથી જેટલી કડી ઉકેલી શકાય છે તેટલી કડી અત્રે આપી છે :

### (૧) જૈન સાધુ (મુનિ)

આવ્યા મુનિ વન મહીં મહુવા તણા એ
વાણી ઉચ્ચારી બહુ શ્રાવકના હિતાર્થે
જાણે સુધાની સરિતા વહતી જ દીઠી
લાગે અતિ શરકરા સમ તેહ મીઠી !

### (૨) ચંદ્રજ્યોત્સ્ના

શી શોભતી સુખદ ચંદ્ર તણી જ જ્યોત્સ્ના
જેણે વધારી પ્રિયને મળવાની તૃષ્ણા
જેવી જય પ્રિય સમાગમમાં જ દીઠી
લાગે અતિ શરકરા સમ તેહ મીઠી !

### (૩) કોરટમાં હાજર થયેલા ગુનેગાર

ઊભો રહ્યો કુપર સાહેબની સમક્ષ
ઉદ્વેગ પામી મુખમાંથી વદાયુ રક્ષ
નિર્દોષ છે * * * * ઉચ્ચારાતી દીઠી
લાગે અતિ શરકરા મમ તેહ મીઠી !

### (૪) તમારા પત્રની પ્રાપ્તિ

રે મિત્ર પત્રની અહોનિશ વાટ દેખું
વિર્હાગ્નિ શાંતિ અરથે તવ ચિત્ર પ્રેખું
જ્યારે પ્રભાત સમયે તવ આવી મીઠી
લાગે અતિ શરકરા સમ તેહ મીઠી !

(૫) પ્રભુભક્તિ

સંસારમાં સુખદ વસ્તુ ન કો ગણાયે
આનંદ કંદ પ્રભુ ભક્તિ કરો સદાયે
શાંતિ થઈ પ્રભુ તણી જવ મૂર્તિ દીઠી
લાગે અતિ શરકરા સમ તેહ મીઠી !

(૬) કવિતા

જૂના વિચાર સહ મૌન ન અર્થયુક્તિ
રંજાડતી પ્રિયતમા તવ પ્રેમ ઉક્તિ
માધુર્યયુક્ત કવિતા જવ તારી દીઠી
લાગે અતિ શરકરા સમ તેહ મીઠી !

જૈન સાધુની દેશના કોર્ટમાં હાજર થયેલો ગુનેગાર પોતે નિર્દોષ છે એવો ચુકાદો સાંભળે ત્યારે, પત્રપ્રાપ્તિથી થતો આનંદ, પ્રભુભક્તિ અને નિજાનંદ સાકરની જેમ અતિ મીઠાં જ લાગે ને ? કેવી કલ્પનાથી તરત જ – પત્ર આવતાંની સાથે જ પાદપૂર્તિ બનાવી હતી ! ૨૩ વર્ષની વયે નિર્ગ્રંથ મુનિની વાણી વિષે જે વિચારે છે એ જોતાં એમના સંસ્કારો કેટલા દૃઢ હશે અને આગળ જતાં આ સંસ્કારોએ જ એમના વિકાસમાં ભાગ ભજવ્યો હશેને ?

વિદેશમાં પણ ચુસ્ત જૈન તરીકેનું એમનું જીવન હતું. ચુસ્ત વનસ્પત્યાહારી (જૈન ધર્મપ્રણિત શાકાહારી) તરીકે રહેવામાં એમને કેટલીક મુસીબતો પડી હતી. સ્ટીમરમાં જતાં પોતાના માટે રસોઈ બનાવવા જુદો ચૂલો રાખવા પરવાનગી લેવી, જુદા ચૂલા દ્વારા જુદી રસોઈ બનાવી એ

બાબતનું પ્રમાણપત્ર જહાજના કપ્તાન પાસેથી મેળવવું, (પરિણામે બીજે આવી સગવડતા મેળવવામાં અગવડતા ન પડે), આવાં પ્રમાણપત્ર મેળવવાં, ભલામણપત્રો મેળવવા વગેરે બાબતોની વિધિથી કેટલી મુસીબત પડી હશે તે આજનો અનુભવી સમાજ સહેલાઈથી સમજી શકશે! તા. ૨૯–૧–૧૮૮૪ના રોજ દયાચંદભાઈ પરના પત્રમાં તેઓએ આ બધી બાબતો સવિસ્તર લખી છે. સ્ટીમરમાં રસોઈ માટે જાફ્રકલાના કસબી નથુરામ મંછાચંદ સાથે હતા.

સ્ટીમરમાં અલ્હાબાદની કૉલેજના પ્રાધ્યાપક શ્રી જ્ઞાનેન્દ્રનાથ ચક્રવર્તી, બૌદ્ધ ધર્મ સભાના મંત્રીશ્રી ધર્મપાલ, લંડનની થિયોસૉફિકલ સોસાયટીના પ્રમુખ શ્રીમતી ઍની બીસેન્ટ તથા મંત્રી કુ. મ્યુલર સાથે હતાં. એમને વીરચંદભાઈએ જૈન ધર્મનું હાર્દ સમજાવ્યું ત્યારે તેઓને આશ્ચર્ય થયું અને કહ્યું, "આવી ઉત્તમ ફિલસૂફીનાં પુસ્તકો અંગ્રેજીમાં જૈન લોકો પ્રગટ કરતા નથી, એ ઘણી દિલગીરીની વાત છે."

વિદેશમાં પણ જૈન સમાજનું ગૌરવ જળવાય એની એમણે કાળજી રાખી હતી. ચિકાગો જતાં ન્યૂયૉર્કમાં બે દિવસ રહેવું પડ્યું. આ દિવસો દરમિયાન ધર્મ પરિષદના મંત્રી શ્રી વિલિયમ પાઈપ ન્યૂયૉર્ક આવ્યા હતા, અને જૈનધર્મ પ્રણિત આચાર અનુસાર બધી જ સગવડતા વિશ્વધર્મ પરિષદના ખર્ચે કરવાની હતી. પરંતુ શ્રી વીરચંદભાઈને લાગ્યું કે, જૈન ધર્મની ઉન્નતિ માટે હું અહીં આવ્યો છું તે પ્રસંગે અમેરિકાના લોકોને મારે માટે ખર્ચ કરવો પડે, એ જોકે

તેમને પ્રશંસનીય છે, તોપણ મારી શક્તિવાન જૈન કોમને નામોશીભરેલું છે. તેથી પોતાના જ ખર્ચે રહેવાની ઉપકાર-ભર્યા શબ્દો સાથે ધન્યવાદ આપી માગણી કરી.

## માહાત્મા ગાંધીજી સાથે સંપર્ક

મહાત્મા ગાંધીજી જ્યારે મહાત્મા બન્યા ન હતા અને ઇંગ્લેંડમાં ખોરાકના અખતરા કરતા હતા ત્યારે ગાંધીજીએ 'મારા સત્યના પ્રયોગો'માં એક વાતનો નિર્દેશ કર્યો છે. તે અનુસાર વીરચંદ ગાંધી એ અખતરામાં એમની સાથે જોડાયા હતા. (ભાગ–૨, પ્રકરણ–૩, પૃ. ૯૩) મહાત્માજીએ આ નિર્દેશ ન કર્યો હોત તો આ બે ગાંધીઓના અંગત પરિચય વિશે આપણે કશું જાણી શકત નહીં એમ પં. સુખલાલજીએ 'સ્વ. વીરચંદ ગાંધી વિષે કંઈક' એ લેખમાં જણાવ્યું છે. તદુપરાંત શ્રી વીરચંદભાઈના પુત્ર સ્વ. મોહનભાઈ પરના એક પત્રમાં 'પિતાશ્રીના આદર્શો જાળવી રાખ્યા હશે ?' એવી પૃચ્છા કરી હતી. આ પત્ર વીરચંદભાઈના અવસાન બાદ ચાર દાયકા પછી લખાયો હતો. આ પત્ર મારા જોવામાં આવ્યો છે અને તે એમનાં કુટુંબીઓએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને સોંપેલ છે.

## કેળવણી યુગના સ્વપ્નદ્રષ્ટા

ભારતમાં અને ખાસ કરીને જૈન સમાજમાં નવી કેળવણીનો વ્યાપક પ્રચાર થાય, એ માટેની સુવિધા ઉપલબ્ધ થાય એ માટે એમણે અથાક પ્રયત્નો કર્યા હતા. ભારતમાં જૈન કૉલેજની સ્થાપના થાય એ એમનું સ્વપ્ન હતું.

ભારતના વિદ્યાર્થીઓને ઉચ્ચ કેળવણી માટે સહાયરૂપ થવા અમેરિકામાં એમણે એક ફંડની શરૂઆત પણ કરી હતી. પણ અલ્પાયુ સામે એ અધૂરું રહ્યું.

એથી વિશેષ ઉલ્લેખનીય બાબત તો એ કે, એમણે એ જમાનામાં સ્ત્રી-કેળવણીની હિમાયત કરી અને સક્રિય પગલાં લીધાં. જે યુગ સ્ત્રી-કેળવણીને આવશ્યક સમજતો ન હતો અને જે યુગમાં સ્ત્રીઓનું સ્થાન ઘરની ચાર દીવાલ વચ્ચે જ સીમિત હતું, એ યુગમાં સ્ત્રી-કેળવણીની વાત કરવી અને એનો અમલ કરવો એ નાનીસૂની વાત નથી! એમના પ્રયત્નોથી અમેરિકામાં 'International Society for the Education of Woman in India' નામે સંસ્થા સ્થપાઈ હતી અને એમના પ્રયત્નોથી ત્રણ ભારતીય બહેનોને આ સંસ્થા દ્વારા રહેઠાણ અને અભ્યાસના ખર્ચની એ સંસ્થાની જવાબદારીથી અમેરિકા અભ્યાસાર્થે મોકલી શક્યા. ભારતીય સન્નારીઓ સમાજમાં પોતાના સ્થાનને સમજે અને સાક્ષર, શિક્ષિત સ્ત્રીઓ સાવિત્રી, મૈત્રેયી, ગાર્ગી અને દમયંતી જેવી સતી સ્ત્રીઓના જેવો પોતાનો દરજ્જો પુનઃ પ્રાપ્ત કરે એવો ઉદ્દેશ આ સંસ્થાનો હતો.

એમનો દેહવિલય ઈ.સ. ૧૯૦૧ના ઓગસ્ટની સાતમી તારીખે મુંબઈમાં થયો.

## ઉપસંહાર

કેટલીક વ્યક્તિનાં કાર્ય એવાં હોય છે કે એમણે કરેલાં સત્કર્મો જેવાં અન્ય કાર્યો થાય ત્યાં સુધી કાળ ભગવાન

થોભી જાય એવી આપણને સ્વાભાવિક અપેક્ષા રહે, એવી આપણી પ્રાર્થના પણ હોય. પણ કાળ કોઈનો મિત્ર નથી; કોઈનો શત્રુ પણ નથી. તેની ગતિ સતત, ગહન અને અકળ છે. ભગવાન મહાવીર પણ કાળની ગતિને થંભાવી શકયા નહીં. ત્રીજી વખત વિદેશયાત્રાએથી નાદુરસ્ત તબિયત લઈને ૧૯૦૧ના જુલાઈમાં વીરચંદ ગાંધી સ્વદેશ પાછા ફર્યા. અહીં આવ્યા પછી એમની તબિયતમાં સુધારો થયો નહીં. ૩૭ વર્ષની જિંદગીમાં તેઓ સતત કાર્યરત રહ્યા, કદાચ શારીરિક ક્ષમતાથી વધુ કાર્યશીલ રહ્યા. ઈ. સ. ૧૯૦૧ના ઑગસ્ટ માસની સાતમી તારીખે મુંબઈમાં એમનું દેહાવસાન થયું. કાળ ભગવાને એની અકળ લીલાનું દર્શન કરાવ્યું.

કાકાસાહેબ કાલેલકરે 'સ્મરણયાત્રા'માં નોંધ્યું છે કે 'ડાહ્યો–શાણો માણસ ઝાઝું જીવે નહીં.' આ ઉક્તિ વીરચંદ ગાંધી અને એમના સમકાલીનોમાં અક્ષરશઃ સાચી પડતી જણાય છે. સમાજ સુધારક કરશનદાસ મૂળજી (૧૮૩૨–૭૨), સ્વામી વિવેકાનંદ (૧૮૬૨–૧૯૦૨), વા.મો. શાહ (૧૮૭૮–૧૯૩૧), શ્રીમદ્ રાજચંદ્ર (                ) : આ બધા મહાનુભાવોએ હજુ ચાલીસી વટાવી – ન વટાવી અને કાળ ભગવાનનું કહેણ આવ્યું. જાણે એ તેડું વહેલું આવવાનું હોય એમ ટૂંકી જિંદગીમાં સતત એક પછી એક કાર્ય હાથ પર લેવા માંડયાં અને આટોપવા લાગ્યા.

વીરચંદ ગાંધીના કાર્યનું મૂલ્યાંકન કરવું પડે એવી સ્થિતિ આજે ઊભી થઈ રહી છે. વિદેશમાં જૈનોનો વસવાટ

વધ્યો છે. ત્યાં વસતાં કુટુંબોને એમનાં બાળકોના સંસ્કાર અંગેની ચિંતા છે. જૈન ધર્મનું પાયાનું જ્ઞાન સરળ અંગ્રેજી ભાષામાં આપવાનું છે. ભારતમાં પણ અંગ્રેજી માધ્યમવાળી ભાષામાં વ્યાવહારિક શિક્ષણ વધ્યું છે ત્યારે વીરચંદ ગાંધીનાં જૈન ધર્મ પરનાં અંગ્રેજી ભાષામાં અપાયેલ વ્યાખ્યાનોનું મૂલ્ય વધી જાય છે. આ દિશામાં એમણે પાયાનું કામ કર્યું છે.

વળી, તીર્થસ્થાનોમાં ફિરકાભેદના કારણે ચાલી રહેલા વિવાદના કારણે એમની આજે સૌથી વિશેષ જરૂર છે. મક્ષીજી તીર્થ, શત્રુંજય અને સમેતશિખર પર ચરબીનું કારખાનું નાખવાના કિસ્સામાં એમણે દાખવેલી દૂરંદેશી, ધગશ, ઉત્સાહ અને તે વિસ્તારની ભાષા શીખવાની તમન્ના આજે પણ દ્યોતક છે. ક્યાંક દસ્તાવેજી વિગતો આપીને, ક્યાંક ઉદારતા રાખીને પ્રશ્નનું નિરાકરણ શોધવામાં એમનું જીવન દીવાદાંડીરૂપ બની રહેશે એમાં શંકા નથી.

આવા પનોતા પુત્રને અનેકશઃ વંદના.

□

# પશ્ચિમની નજરે શ્રી વીરચંદ ગાંધી

શ્રી વીરચંદભાઈની વિદેશની કામગીરીને ત્યાંનાં વર્તમાનપત્રો અને અગ્રગણ્ય નાગરિકોએ કઈ દૃષ્ટિથી મૂલવ્યાં એ જોવું રસપ્રદ થશે, અને એ જોયા વિના એમનું મૂલ્યાંકન પણ અધૂરું ગણાશે. આ દૃષ્ટિએ એવાં કેટલાંક વિદેશી પત્રોના અને અગ્રગણ્ય નાગરિકોના અભિપ્રાયનો અનુવાદ જોઈએ.

## એડિટર્સ બ્યૂરો (અમેરિકન સામયિક)

### તંત્રીસ્થાનેથી :

શ્રી વીરચંદ રાઘવજી ગાંધી મુંબઈ યુનિવર્સિટીના સ્નાતક (બી. એ.) છે અને અસાધારણ બુદ્ધિ-પ્રતિભા ધરાવે છે. તેઓ અંગ્રેજી સહિત ચૌદ ભાષાના અચ્છા જાણકાર છે, અને જૈન એસોસિયેશન ઑફ ઇન્ડિયાના મંત્રી છે. ભારતમાંથી એક જ એવા સદ્‌ગૃહસ્થ હોવાનું તેઓ વિશિષ્ટ સ્થાન ધરાવે છે કે જે ચિકાગો વિશ્વધર્મ પરિષદ, ૧૮૯૩માં તેના વતનીઓ દ્વારા પસંદ કરાયેલા જૈન ધર્મના પ્રતિનિધિ હતા અને જેણે ૫૦,૦૦,૦૦૦ જૈનોનું ગૌરવથી પ્રતિનિધિત્વ કર્યું. મિ. ગાંધી આપણા રીતરિવાજો, રાજકીય પરિસ્થિતિ, શૈક્ષણિક અને ઔદ્યોગિક સંસ્થાઓનો અભ્યાસ કરવા આપણા દેશમાં રહ્યા છે. તેઓ પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવે છે તેમજ લાગણીશીલ, ગંભીર, આદર્શસિદ્ધ તેમજ સ્વમાન અને નૈતિક હિંમત ધરાવે છે. આ બધું અને એથી વિશેષ અસર કરે એવી બાબત, એની સ્વસ્થતા, શાંતિ, જિજ્ઞાસુ દૃષ્ટિ અને ભારતના રીતરિવાજ તેમ જ ધર્મોની ચર્ચા કરવાની એમની છટા છે, પરંતુ જ્યારે માનવજાતની સ્વાર્થપરાયણતા, અન્યાય અને અજ્ઞાન, લોકોની ભીષણતા વિષે તેઓ ચર્ચા કરે છે ત્યારે ખૂબ જ છટાપૂર્વક પ્રવચન કરે છે અને એ વિષે જ્યારે વિસ્તારથી ચર્ચા કરે છે ત્યારે તેનો આત્મા, એની આંખની તેજસ્વિતા દ્વારા ઝળહળી ઊઠે છે.

જ્યારે પણ તક મળે ત્યારે ભારતના વતનીને સાંભળવાની કોઈએ પણ તક ગુમાવી જોઈએ નહીં. બીજી કોઈ જગ્યાએ જવા કરતાં એક સાંજે એમની પાસેથી વધુ જ્ઞાન અને સત્ય લાધશે. ભારત અને તેના લોકો વિષે પ્રવર્તતા અયોગ્ય અને ભૂલભરેલા ખ્યાલો તેઓ સુધારી શકશે. એમનું પ્રવચન પૂરું થયા પછી પ્રેક્ષક વર્ગમાંથી કોઈ પણ વ્યક્તિ પૂછશે તો તેઓ યોગ્ય પ્રત્યુત્તર આપશે. આવી ઉમદા અને મહાન વ્યક્તિ, જે સત્ય અને પવિત્રતાનો ઉપદેશ આપે છે અને એ મુજબ વર્તે છે એની પ્રશંસા માટે પૂરતા શબ્દો નથી. શ્રી ગાંધીએ આપણા દેશમાં ક્લબ, વિદ્વાનોના વિદ્યામંડળ, સાહિત્ય અને ચર્ચ સોસાયટી, થિયોસૉફિકલ શાખાઓ અને આધ્યાત્મિક પરિષદ સમક્ષ પ્રવચનો આપ્યાં છે. અને પૌર્વાત્ય યોગવિદ્યા અંગે એમણે વર્ગો પણ ચલાવ્યા છે. તેમનું દરેક જગ્યાએ ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવે છે અને ખૂબ જ પ્રશંસા કરવામાં આવે છે.

**રેવરન્ડ આર. એ. વ્હાઈટ, ચિકાગો :**

ભારતના વિવિધ ધર્મોની વિશ્વધર્મ પરિષદમાં રજૂઆત કરનાર શ્રી ગાંધીને હું ઘણા પંડિતોમાંના એક વિદ્વાન ગણું છું. મારા ચર્ચમાં એમણે આપેલ પ્રવચન મારા મત મુજબ, એમની રજૂઆત કરવાની ઢબ અને વિગત એમ બન્ને દૃષ્ટિથી એમને છાજે એવું હતું, અને એમણે દર્શાવી આપ્યું કે એમણે પૌર્વાત્ય તત્ત્વજ્ઞાન સંપૂર્ણ રીતે ગ્રહણ કરેલું છે. શ્રી ગાંધીને અંગ્રેજી ભાષા પર સારો કાબૂ છે અને તેમનામાં દરેક જગ્યાએ રસ-જિજ્ઞાસા જાગે એવું વ્યક્તિત્વ છે.

**માનાર્હ ઈ. બી. શેરમેન :**

ચિકાગો વિશ્વધર્મ પરિષદના પૂર્વના ઘણા વિદ્વાનો અને વિચારકોને મળવામાં મને હંમેશાં આનંદ થાય છે. તેમાંના મુંબઈના ધારાશાસ્ત્રી શ્રી વીરચંદ રાઘવજી ગાંધી એક છે.

ભાગ્યે જ કોઈ દિવસ મારું એવું નસીબ હોય કે હું શ્રી ગાંધી જેવા એક સદ્‌ગૃહસ્થને મળ્યો હોઉં, જેનું વાચન અને સંસ્કાર

વિસ્તૃત અને વિવિધ હોય તેમ જ સાથોસાથ મીઠાશ, નિખાલસતા અને જ્ઞાન આપવા માટેની તાલાવેલી જેનામાં હોય.

## રેવરન્ડ એડીસન પાર્કર (ડિસેમ્બર ૨, ૧૮૯૩) :

ચિકાગો વિશ્વધર્મ પરિષદની કાર્યવાહી દરમિયાન જૈન ધર્મ વિષે શ્રી ગાંધીજીનું પ્રવચન સાંભળવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું અને એમને વ્યક્તિગત મળવાનો પણ પ્રસંગ સાંપડ્યો એથી મને આનંદ થયો. મારા પર એમને વિષે ખૂબ જ બુદ્ધિશાળીમાંના એક અને પૂર્વના પ્રતિનિધિઓમાંથી આપણા માનસને હચમચાવી મૂકનાર તરીકેની છાપ પડી. મહાન પુરુષોના જીવન અને વિચારોને તેઓ રજૂ કરે છે એને એમના સિવાય બીજા કોઈની પાસેથી હું સાંભળવાનુ પસંદ ન કરું.

## બફેલો કોરિયર (ઑગસ્ટ ૧૯, ૧૮૯૪) (Buffalo Courier) :

કાસાગાડામાં અત્યાર સુધીમાં કોઈનું પણ સન્માન કરવામાં આવ્યું ન હોય એવું ઉષ્માભર્યું સ્વાગત મુંબઈના જૈન શનિવારે સાંજના જ્યારે તેઓ જાંબુડી રંગનો ઝભ્ભો, સોનેરી પાઘડી અને રેશમી કમરપટ્ટો એ રીતે સંપૂર્ણ ભારતીય સ્વાંગમાં આવ્યા ત્યારે પ્રેક્ષકોએ એમને હર્ષનાદથી વધાવી લીધા, અને એમનું પ્રવચન 'Some Mistake Corrected' પૂરું થયું ત્યારે ફરી ફરીને પ્રવચન આપવા કહેવામાં આવ્યું હતું.

## લાઇટ ઑફ ટ્રુથ (૧૧–૮–૧૮૯૪) :

શ્રી ગાંધી ભારતની વૈદિક શાખા, બ્રાહ્મણ અને બૌદ્ધ ધર્મના ઊંડા અભ્યાસી છે. તેઓ એ તત્ત્વજ્ઞાનને, આધ્યાત્મિક પ્રતિભાથી અને પોતાના ગુરુના વ્યવહારુ જ્ઞાનને પોતાની પ્રતિભા સાથે પ્રગટ કરે છે, પ્રકાશે છે.

**બફેલો એક્સપ્રેસ (૧૪-૮-૧૮૯૪) :**

ભારતના શ્રી વીરચંદ ગાંધી રસ ધરાવતા અસંખ્ય લોકોના મુખ્ય, માનનીય વક્તા હતા. પ્રેક્ષકવર્ગ તરફ દૃષ્ટિ ફેરવતાં જણાયું કે દરેકે દરેક લોકો આ હિન્દુના શબ્દને ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળતા હતા અને સમજતા હતા.

**લાઇટ ઑફ ટ્રુથ (૧૮-૮-૧૮૯૪) :**

જૈન તત્ત્વવેત્તા શ્રી વીરચંદ ગાંધીએ પ્રાચીન ધર્મોની સમજણ આપવા વર્ગો શરૂ કર્યા છે. પોતાના ધર્મોનું તત્ત્વજ્ઞાન સમજાવતા આ હિન્દુ સ્કૉલરને સાંભળવા બુદ્ધિશાળી-તેજસ્વી પ્રેક્ષકો ખૂબ જ આતુર હોય છે અને સભાગૃહ હંમેશાં એવા પ્રેક્ષકોથી ભરપૂર રહે છે.

☐

# શ્રી વીરચંદ ગાંધીના જીવનની સાલવારી

શ્રાવણ વદ ૮, વિ. સં. ૧૯૨૦ } — મહુવામાં શ્રી રાઘવજી ગાંધીને ત્યાં
તા. ૨૫ મી ઑગસ્ટ, ૧૮૬૪ } શ્રી માનબાઈની કુક્ષિએ જન્મ.

ઈ. સ. ૧૮૭૨–૭૩—મહુવાના હેડમાસ્તર અને ઇન્સ્પેકટરની ભલામણથી હાઈસ્કૂલના અભ્યાસ માટે સહકુટુંબ ભાવનગર.

૧૮૭૯—લગ્નગ્રંથિથી જોડાયા.

૧૮૮૦—મૅટ્રિક્યુલેશનની પરીક્ષા ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી પસાર. ગોહિલવાડ જિલ્લામાં પ્રથમ – સર જશવંતસિંહજી સ્કૉલરશિપ મેળવી.

૧૮૮૦—ઉચ્ચ અભ્યાસ માટે સહકુટુંબ મુંબઈ આવ્યા. એલફિન્સ્ટન કૉલેજમાં પ્રવેશ.

૧૮૮૪—મુંબઈ યુનિવર્સિટીની બી.એ. (ઑનર્સ)ની પદવી. જૈન સમાજમાંથી પ્રથમ સ્નાતક.

૧૮૮૪—શ્રી જૈન ઍસોસિયેશન ઑફ ઇન્ડિયાના મંત્રી તરીકે સર્વાનુમતે વરણી. જાહેર જીવનના શ્રીગણેશ.

૧૮૮૫—શત્રુંજય કેસ સંબંધમાં જુબાનીઓ લઈ એમણે મુંબઈ, અમદાવાદ, પૂના વગેરે સ્થળોએ અરજી કરી ગવર્નર સાહેબને મળી ઇન્કવાયરીનો હુકમ મેળવ્યો.

૧૮૮૫–૮૬—મેસર્સ લીટલ, સ્મીથ, ફ્રેઅર ઍન્ડ નિકોલસન, સરકારી સૉલિસિટર્સની પેઢીમાં આર્ટિકલ્ડ કલાર્ક તરીકે જોડાયા.

૧૮૮૬ એપ્રિલ—શત્રુંજય પર યાત્રાએ જનારને આપવો પડતો મુંડકાવેરો બંધ થયો. એ કેસમાં કર્નલ વોટ્સન અને મુંબઈના ગવર્નર લૉર્ડ રેને મળી, સમજાવી, ચુકાદો તરફેણમાં આણ્યો.

૧૮૮૬ ડિસેમ્બર—શત્રુંજય તીર્થ પર લૉર્ડ રેને માનપત્ર આપવામાં આવ્યું.

૧૮૮૬-૮૭—મક્ષીજી તીર્થ સંબંધી ઝઘડાનો નિકાલ.

૧૮૯૦—પિતાશ્રી રાઘવજીભાઈનો સ્વર્ગવાસ. પિતાની આજ્ઞા : 'મારી પાછળ રડવું નહીં. ભોંયે ઉતારવો નહીં. સ્મશાનમાં અળગણ પાણીએ નહાવું નહીં. મરણ ખર્ચ કરવો નહીં.' વગેરેનો અમલ પણ કર્યો.

૧૮૯૧—એડમ સાહેબે સમેતશિખર પર ચરબીના કારખાના સંબંધમાં આપેલા જવાબ પછી હાઇકોર્ટમાં અપીલ થઈ ત્યારે કલકત્તા ગયા. બંગાળી ભાષા શીખ્યા અને ઐતિહાસિક દસ્તાવેજો રજૂ કરી 'આ તીર્થ જૈનોનું છે' એવો ચુકાદો મેળવ્યો.

૧૮૯૩, જૂન—પૂ. આત્મારામજી મહારાજ ચિકાગો વિશ્વધર્મ પરિષદમાં જઈ શકે એમ ન હોવાથી મુંબઈના જૈન સંઘે શ્રી વીરચંદ ગાંધીને મોકલવા સર્વાનુમતે ઠરાવ કર્યો, સાથે એક માણસ મદદ માટે આપવાનું પણ ઠરાવ્યું.

૧૮૯૩, ઑગસ્ટ—સ્ટીમર 'આસામ' મારફત અમેરિકા તરફ પ્રયાણ.

૧૮૯૩ સપ્ટેમ્બર—ચિકાગો વિશ્વધર્મ પરિષદમાં જૈન ધર્મની રજૂઆત અને તા. ૨૫-૯-૧૮૯૪ના રોજ હિન્દુ ધર્મ પરના પ્રહારનો સૌજન્યપૂર્ણ પ્રત્યુત્તર.

૧૮૯૩-૯૫—(૧) અમેરિકાનાં જુદાં જુદાં શહેરોમાં જૈન ધર્મ વિષે પ્રવચનો. 'સ્કૂલ ઑફ ઓરિએન્ટલ ફિલોસૉફી'ની સ્થાપના દ્વારા હિન્દુ, બૌદ્ધ, જૈન ધર્મ અને ભારતીય સંસ્કૃતિ વિષે વ્યાખ્યાનો. (૨) ચિકાગોમાં 'An Unknown Life of Jesus Christ'નું પ્રકાશન. (૩) લંડન આવ્યા. લૉર્ડ રેના પ્રમુખસ્થાને યોજેલ સભામાં ભારતીય તત્ત્વજ્ઞાન વિષે વ્યાખ્યાન.

૧૮૯૫—સ્વદેશાગમન. આર્યસમાજ, બુદ્ધિવર્ધક સભા વગેરે સંસ્થાઓના ઉપક્રમે પ્રવચનો આપ્યાં. 'હેમચંદ્રાચાર્ય વર્ગ'ની સ્થાપના.

૧૮૯૫, સપ્ટેમ્બર—અજમેરમાં ભરાયેલ 'ધર્મ'-મહોત્સવ'માં જૈન ધર્મના પ્રતિનિધિ.

૧૮૯૬, ઑગસ્ટ, ૨૦, ૨૧—અમેરિકાથી નિમંત્રણ મળતાં ધર્મપત્ની સાથે તા. ૨૧ના રોજ ફરી અમેરિકા તરફ પ્રયાણ તા. ૨૦ના રોજ શેઠ પ્રેમચંદ રાયચંદના પ્રમુખસ્થાને માનપત્ર.

૧૮૯૬—ભારતમાં દુષ્કાળ પડ્યાના સમાચાર મળતાં અમેરિકામાં 'દુષ્કાળ રાહત સમિતિ'ની સ્થાપના. રૂ. ૪૦,૦૦૦ રોકડા અને અનાજ ભરેલા વહાણની ભારત તરફ રવાનગી.

૧૮૯૭—શત્રુંજય કેસ સંબંધમાં ઇંગ્લૅન્ડ ગયા.

૧૮૯૯—આંતરરાષ્ટ્રીય વાણિજ્ય પરિષદમાં સમગ્ર એશિયાનું પ્રતિનિધિત્વ, જસ્ટિસ ગોવિંદ રાનડેના પ્રમુખસ્થાને શ્રી માંગરોળ જૈન સંગીત મંડળી તરફથી માનપત્ર. તા. ૨૩, સપ્ટેમ્બર, ૧૮૯૯

૧૯૦૧ જુલાઈ—સ્વદેશાગમન.

૧૯૦૧ ઑગસ્ટ, ૭—૩૭ વર્ષની ઉંમરે દેહવિલય.

□

